Reg. No. B. 876.

श्री जैन श्वेतांबर मूर्तिपूजक बोर्डिंगना हितार्थे प्रकटथतुं,

# બુદ્ધિપ્રભા.

# (THE LIGHT OF REASON.)

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ॥
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥ १ ॥
नाहं पुद्गलभावानां कर्ता कारयिता न च ॥
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥२॥

વર્ષ ૧ લું. તા. ૧૫ મી મે ૧૯૦૯. અંક ૨ જો.

પ્રકટ કર્તા.
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ. | વિષય | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ આત્મશક્તિ ખીલવવી. | ...૩૩ | ૬ જીવદયા ... ... | ...પર |
| ૨ શ્રી ગુરૂબોધ. ... | ...૩૪ | ૭ બોર્ડીંગ પ્રકરણ. ... | ...૫૬ |
| ૩ આત્મશ્રદ્ધા. ... | ...૪૦ | ૮ યોગસાર.... ... | ...૧-૪ |
| ૪ દાન.... ... ... | ...૪૪ | ૯ અથ શ્રી સોમ સોભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર | ...૬૧ |
| ૫ દ્રવ્ય. ... ... ... | ...૪૯ | | |


વ્યવસ્થાપક
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ.
નાગોરીસરાહ—અમદાવાદ.
વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦. સ્થાનિક ૧–૦–૦
અમદાવાદ 'સત્યવિજય' પ્રેસમાં ગીરધરલાલ હકમચંદે છાપ્યું.

# લેખકો અને ગ્રાહકોને સૂચના.

---

૧ જૈનશૈલીને અનુસરી લખેલા તત્ત્વબોધ, અધ્યાત્મબોધ, યોગવિષય, અને જૈન સમાજની વ્યવહારિક ઉન્નતિ થાય તેવા વિષયોને આ માસિકમાં સ્થાન આપવામાં આવશે. માટે લેખકોએ તેવાજ લેખો આ માસિકના તંત્રી ઉપર મોકલી આપવા.

૨ કોઈ પણ અંગત વિષય અથવા જેથી કોમમાં કુસંપ વધે તેવો કોઇ પણ લેખ આ માસિકમાં દાખલ કરવામાં આવશે નહિ.

૩ જે માસમાં લેખ દાખલ કરવો હોય તે માસની ૧ લી તારીખ અગાઉ તે લેખ મળવો જોઇએ.

૪. લેખો અથવા માસિકના લખાણ સંબંધી સઘળો પત્રવ્યવહાર તંત્રીના સરનામે કરવો. તંત્રી "બુદ્ધિપ્રભા"–રતન પોળ, અમદાવાદ એમ શરનામું કરવું.

૫. માસિકની વ્યવસ્થા સંબંધી અથવા લવાજમ સંબંધીનો પત્ર વ્યવહાર વ્યવસ્થાપકને નામે કરવો. વ્યવસ્થાપક "બુદ્ધિપ્રભા" નાગોરી સરાહ, અમદાવાદ, એમ શરનામું કરવું.

૬. બોર્ડિંગને નુકશાન ન થાય, તે માટે અગાઉથી ગ્રાહકો કરી આ માસિક પ્રકટ કર્યું છે. વળી જે લોકોને આવા કામને ઉત્તેજન આપનારા યોગ્ય સદ્દગૃહસ્થો ધારી આ માસિક મોકલાવેલ છે, તેઓએ અંક રાખવાની ના મરજી હોય તો પ્રથમથીજ કાર્ડથી ના લખી જણાવી.

પણ કેટલાક અંક રાખ્યા પછી ના લખી આ બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતા માસિકને નાહક નુકશાનમાં ન નાંખવું. ગ્રાહકની સંખ્યા વધે તેમાં વિશેષ સુધારો કરવામાં આવશે.

**લી. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડલ.**

---

## શોકજનક મરણ.

આ બોર્ડીંગનો વિદ્યાર્થી મહેતા મોહનલાલ માધવલાલ જે વડાલીનો રહેવાશી હતો તથા અંગ્રેજી સાતમા ધોરણમાં અભ્યાસ કરતો હતો અને એક સારો લેખક અને વકતા હતો અને જે આગળ ઉપર એક વિદ્વાન નીકળી આવવાનો સંભવ હતો તે ફક્ત પાંચ સાત દિવસની તાવની સખ્ત બીમારી ભોગવી તા. ૭–૪–૦૯ ના રોજ ગુજરી ગયો છે.

# બુદ્ધિપ્રભા.

## ( The Light of Reason. )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिगृहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૧ લું.    તા. ૧૫ મી મે સન ૧૯૦૯.    અંક ૨ જો.

## આત્મશક્તિ ખીલવવી.

( વ્હાલા વીર જીનેશ્વર; એ રાગ. )

ખરેખર શક્તિ અનંતિ ચેતનની વખણાય છેરે,
ધ્યાનથી શક્તિ અનંતિ અંશ અંશ પ્રગટાય છેરે.    એ ટેક.
આત્મજ્ઞાનથી ધ્યાન ધરો ઘટ અનુભવ અમૃત સ્વાદ લહો ઝટ,
આત્મનું સુખ અનંતુ ધ્યાન વિના ન જણાય છેરે.    ખરેખર. ૧
બાહ્ય દૃષ્ટિથી બાહ્ય ધસો છો, આત્મ દૃષ્ટિથી માંહ્ય વસો છો,
દૃષ્ટિ જેવી તેવા માનવ થાય છેરે.    ખરેખર. ૨
રત્નત્રયીનો ધર્મ ખરો છે, અનુભવીએ મનમાંહી વર્યો છે,
રત્નત્રયી વણ કુલાચાર ગણાય છેરે.    ખરેખર. ૩
બાહ્ય ક્રિયાથી કંઈક રાચ્યા, સાધ્ય શુન્ય થઈ કંઇક માચ્યા,
આત્મજ્ઞાન વણ સત્ય અરે ન ગણાય છેરે.    ખરેખર. ૪
આત્મજ્ઞાનથી શક્તિ પ્રકાશે, આનન્દમય જીવન ઝટ ભાસે,
જીનપદ નિજપદને ત્યાં ઐક્ય ભાવ વર્તાય છેરે.    ખરેખર. ૫
જે જાણે તેને છે પ્રીતિ, આત્મજ્ઞાનથી જાય અનીતિ,
બુદ્ધિસાગર શાશ્વત શિવ સુખમાં મલકાય છેરે.    ખરેખર. ૬

# શ્રીગુરુબોધ.

( લેખક. મુનિ શ્રી બુદ્ધિસાગરજી: )

## વિદ્યાગુરુનો વિનય.

સાંસારિક વ્યાપાર કેળવણી આપનાર, અનેક પ્રકારની ભાષા શીખવનાર, યુદ્ધ કેળવણી આપનાર, અનેક શિલ્પ કેળવણી આપનાર **વિદ્યાગુરુ** કહેવાય છે. વિદ્યાગુરૂનો યથાયોગ્ય વિનય કરવાથી વિદ્યાગુરૂ પ્રસન્ન થાય છે, અને તેથી વિદ્યાગુરૂ કાળજીથી અભ્યાસ એવી રીતે કરાવે છે કે, તેથી વિનેય ( શિષ્ય ) અલ્પકાળમાં તે તે વસ્તુની સિદ્ધિ કરી શકે છે. વિદ્યાગુરૂ ઉપર પ્રેમ-તથા ઉપકારની દૃષ્ટિથી જોવું જોઇએ. વિદ્યાગુરૂનો વિનય કરવાથી અનેક મનુષ્યો ઇચ્છિત સિદ્ધિને પામ્યા છે. વિદ્યાગુરૂની સાથે પ્રેમથી સંભાષણ કરવું, વિદ્યાગુરૂને દુ:ખ પડે ત્યારે ઉપકાર કરવા ચુકવું નહિ. વિદ્યાગુરૂનો બોધ લક્ષ-દેઇ સાંભળવો, વિદ્યાગુરૂને નમસ્કાર કરવો, જેટલી વિદ્યાગુરૂ ઉપર પ્રીતિ હોય છે, તેટલી વિદ્યાને શિષ્યપ્રાપ્ત કરે છે. કેટલાક શિષ્યો એમ સમજે છે કે, વિદ્યાગુરૂ ધન લેઇ ભણાવે છે તો, અમારે શા માટે વિનય કરવો જોઇએ ? કિંતુ તેઓ સમજશે તો માલુમ પડશે કે ગમે તેટલું ધન આપો તો પણ વિનય વિના વિદ્યાની પ્રાપ્તિ થતી નથી. વિનયથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. તે વિદ્યાનું ફળ બેસે છે. વિદ્યાગુરૂને કનડીને જે ભવ્યો વિદ્યાની પ્રાપ્તિ ઇચ્છે છે તે જીવો કાચીકેરીને ઘોળીને રસપીવા બરોબર કરે છે. વિનય વૈરીને વશ કરે છે, તો પછી વિદ્યાગુરૂ સંતુષ્ટ થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. કેટલાક શિષ્યો સ્વાર્થ સરે, તાવત્ વિદ્યાગુરૂનો ઉપર ઉપરથી વિનય સાચવે છે. તેઓએ સમજવું જોઇએ કે તેમ કરવાથી ઉચ્ચકોટીમાં પ્રવેશ થતો નથી. આત્મા ભવિષ્યનાં ઉચ્ચકાર્યો કરી શકતો નથી. કાર્ય સિદ્ધિ થયા બાદ પણ વિદ્યાગુરૂનું યથાશક્તિ પ્રસંગોપાત સન્માન કરવું.

## વિદ્યાગુરુ વિનય.

પરમાર્થ સાધક ભવ્ય જીવો ઉપકાર કરીને પ્રત્યુપકાર નો બદલો વાળેછે. વિદ્યાગુરુ કદાપિ હિત માટે ધમકાવે તોપણ તેમને મનથી પણ ગાળ દેવી નહિ.

વિદ્યાગુરુના સામું ઉદ્ધતાઇથી વર્તવું વિશેષતઃ હાનિકારક છે. જો કોઇ ભૂલ હોય તે માટે વિદ્યાગુરુની માફી માગવી અને ફરીથી ભૂલ ન થાય તે માટે કાળજી રાખવી. વિદ્યાગુરુની નિંદા કરવાથી અનેક પ્રકારનાં દુઃખો થાય છે. વિદ્યાગુરુના અવર્ણવાદ બોલ્યાથી પાપના ભોક્તા જીવો થાય છે. પ્રાણાંતે પણ વિદ્યાગુરુના ઉપર આળ ચઢાવવું નહિ. જે જીવો વિદ્યાગુરુનું મહત્વ જાણી શકતા નથી તેમની બુદ્ધિ અલ્પ સમજવી- ગાયના દુધ સામું જોવું જોઇએ, પણ તેનો રંગ કેવો છે તે તરફ લક્ષ રાખવાથી કંઇ ફાયદો થતો નથી. તેવી રીતે મનુષ્યોએ વિદ્યાગુરુની વિદ્યા તરફ લક્ષ રાખવું જોઇએ પણ તે આવા છે, આવી જાતના છે, ઇત્યાદિ નકામી બાબતોપર લક્ષ રાખવું યોગ્ય નથી. વિદ્યાગુરુની આગળ નકામો બકબકાટ કરવો નહીં. વિદ્યાગુરુમાં ક્ષમા પરોપકાર પ્રેમ વિગેરે જે કોઇ સદ્ગુણો હોય તે તરફ ધ્યાન ખેંચવું. વિદ્યાગુરુ જે શુભ શિક્ષાઓનો ઉપદેશ આપે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી. વિદ્યાગુરુ વિનયથી જે વસ્તુ આપે છે, તે અવિનયથી આપનાર નથી. વિનય વિહીન વિદ્યાર્થીઓ મયુરપૃષ્ટવત્ શોભે છે.

ભિલ્લને વિનયથી માટીના દ્રોણગુરૂએ વિદ્યા આપી. એક ભિલ્લે વનમાં માટીના દ્રોણગુરૂ બનાવ્યા, અને તેનો વિનય કર્યો. તે વિનયથી ભિલ્લના આત્મામાં ગુપ્ત રહેલી શક્તિ ખીલી નીકળી. અને તે ભિલ્લ અર્જુન કરતાં પણ વિશેષ ધનુર્વિદ્યામાં કુશળ થયો.

## શ્રેણીક રાજાએ વિદ્યામાટે ચંડાલનો વિનય કર્યો.

શ્રી શ્રેણિક રાજાએ એક દિવસ અભયકુમાર પાસે એક ફલ ચોરનાર ચંડાલને પકડી મંગાવ્યો. ચંડાલની પાસે વાડીનાં આમ્ર ફળ ડાળીયો નમાવી લેઇ લેવાની, તથા ઝાડની ડાળીઓ હતી ત્યાં રાખવાની, વિદ્યા હતી, શ્રેણિક રાજાએ ચંડાલચોરને મારી નાખવાનો હુકમ કર્યો. ત્યારે અભયકુમારે કહ્યું કે ચંડાલની પાસે વિદ્યા છે, તે પ્રથમ આપ શિખીલ્યો. શ્રેણિક રાજાએ હુકમ કર્યો કે હે ચંડાલ ! તું વિદ્યા બોલ, ચંડાલ બોલવા લાગ્યો પણ શ્રેણિકને વિદ્યા સિદ્ધ થઇ નહિ. ત્યારે બુદ્ધિનિધિ અભયકુમારે કહ્યું કે હે રાજન્! આપ ઉચ્ચાસન ઉપર ઉપવિષ્ટ થઇ વિદ્યા શિખવા પ્રયત્ન કરો છો, અને વિદ્યાદાતારને નીચા આસન ઉપર બેસાડયો છે, તેમજ હસ્તપણ જોડી વિનય કરતા નથી તેથી શી રીતે વિદ્યા આવડી શકે ? શ્રેણિક આવું કથન સાંભળી પોતે નીચે બેઠા, અને ચંડાલને ઉચ્ચાસનપર બેસાડયો. બેહસ્ત જોડી વિદ્યા શિખવા લાગ્યો કે ત્વરિત વિદ્યા પ્રાપ્તિ થઇ. પશ્ચાત્ શ્રેણિકે કહ્યું કે ચંડાલને મારી નાંખો, ત્યારે અભયકુમારે કહ્યું કે, હે રાજન્! એક અક્ષ-

રનું જ્ઞાન કરાવે તે પણ વિદ્યાગુરુ કહેવાય તો આ ચંડાલે તો તમને સારી વિદ્યા શિખવી, તેથી તે તમારો તે બાબતમાં વિદ્યાગુરૂ સિદ્ધ ઠર્યો, માટે તેને મારી નાખતાં તમને પાપ લાગે. અભયકુમારનું આવું હિતવચન સાંભળી શ્રેણિક રાજાએ ચંડાલ વિદ્યાગુરૂનો સત્કાર કર્યો, અને તેને છોડી દીધો. આજથી ૨૪૩૫ વર્ષ પહેલાં શ્રેણિક રાજા પૂર્વ દેશમાં રાજ્યગૃહી નગરીમાં રાજ્ય કરતા હતા. વિદ્યાગુરૂનો આવી રીતે જે ભવ્યો વિનય કરે છે, તે સંસારમાં ઉત્તમ સ્થિતિ પામી શકે છે. પોતાના સદ્વિનયથી અન્યોના ઉપર તેઓ સારી છાપ પાડે છે. **गुमड्डु मट्युं के वैद्य वैरीनी** રીતને જે જીવો અનુસરે છે, તે ઉપકારના સ્વરૂપને જાણી શકતા નથી. પૂર્વના સમયમાં વિદ્યાગુરૂ તરફ શિષ્યો બહુ માનની લાગણીથી જોતા હતા ત્યારે તેઓ વ્યવહારમાં ઉચ્ચ સ્થિતિ ભોગવતા હતા,

જે દેશમાં જે જ્ઞાતિમાં જે કુળમાં વિદ્યાગુરૂ પ્રતિ બહુ માન હોય છે, તે દેશ, જ્ઞાતિ, કુળ, સર્વોપરિ સત્તા ભોગવે છે. વિદ્યાગુરૂનો આશિર્વાદ વિનય વિના મળતો નથી. કેટલાક અવિનયી વિદ્યાર્થિયો તો વિદ્યાભ્યાસપ્રસંગમાંજ શિક્ષકની મશ્કરીયો કરે છે અનેક પ્રકારનાં શિક્ષકના ચાળા પાડે છે: શિક્ષક જાણે એક ગધાવૈતરો હોય એમ જાણે છે, પણ તે યોગ્ય નથી. કેટલાક તો શિક્ષકનું પાછળ ભૂંડું બોલે છે. આવી ખરાબ ચેષ્ટાથી તેઓ શિક્ષક પાસેથી યથાયોગ્ય વિદ્યા ગ્રહણ કરી શકતા નથી, અને ઉલટા દુર્ગુણોનું પાત્ર બને છે. શિક્ષકો વિદ્યાર્થિયોનું ભૂંડું ચિંતવે અથવા તો તેમની ઉન્નતિ થાય તેવી રીતે પ્રેમ પૂર્વક હૃદયથી વિદ્યા ન આપે તો તેઓ દોષ પાત્ર બની શકે, એ શિક્ષકોએ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. મ્હારા હૃદયમાં રહેલી સર્વ વિદ્યા શિષ્યને આપી દેઉં એવા શિક્ષકો યા પંડિતો ( માસ્તરો ) ના મનમાં સદા ભાવના રહેવી જોઇએ. શિષ્યની દેશ કુળ ધન વ્યાપાર બળ સત્તાથી ઉન્નતિ સારી રીતે કરે તે શુભ શિક્ષક કહેવાય. જોકે પ્રસંગ વિદ્યાગુરૂના વિનય સંબંધીનો છે, તોપણ પ્રસંગે આટલું કહી વિદ્યાગુરૂના વિનયમાં શિષ્યોએ ચિત્ત દેવું, તેમાં તેની ઉન્નતિ છે, એમ વિશેષત કહું છું. કેટલાક તો વિદ્યાગુરૂપાસેથી વિદ્યા લેઇ પાછા વિદ્યાગુરૂની સામા થઇ અવિનયને વધારે છે તે યોગ્ય નથી. કહ્યું છે કે.

**विद्यया विनयावाप्तिः सा चेदविनयावहा,**
**किं कुर्वः किं प्रतिब्रुमः गरदायां स्वमातरि.** १

વિદ્યાથી વિનયની પ્રાપ્તિ સારી રીતે થાય છે, તેજ વિદ્યા જો અવિનયને

વારણ કરે તો પોતાની માતાજ વિષ જ્યારે પુત્રને ઝેર દે તેની પેઠ થયું ત્યાં શું કહેવું ? શો જવાબ દેવો ? અફસોસ ! કહ્યું છે કેઃ—

જ્યાંથી વિદ્યા પામિયો, તેના સામો થાય,
પ્રત્યનિક તે પાપિયો, મરીને દુર્ગતિ જાય. ૧
વિદ્યાગુરૂ સામાં થતાં, રહે ન જગમાં લાજ,
વિદ્યાગુરૂ વિનયે અહો; પામો સુખ સામ્રાજ્ય. ૨

વિદ્યાગુરૂનો ઉપર ઉપરથી વિનય કરવો, અને અન્તરમાં કપટ રાખવું, આવા વિનયથી વિદ્યાનું સાફલ્ય થતું નથી. વિદ્યાગુરૂમાં જે જે શુભ ગુણો હોય તેની જ્યાં ત્યાં સ્તુતિ કરવી. વિદ્યાગુરૂમાં જે અપૂર્વ શક્તિ હોય, તે વિનયથી ગ્રહણ કરવી. વિદ્યાગુરૂ ક્રોધ કરે, વા મારે, તેવું અસભ્યવર્તન ત્યજવું જોઇએ. વિદ્યાગુરૂ જે જે વિષય સારી રીતે મનન કરવાનો કહે, તે ધ્યાન દેઇ મનન કરવો, અનેક પ્રકારની શિલ્પ, વ્યાપાર, ભાષાદિક વિદ્યા શિખવા માટે ઘણા વિદ્યાગુરૂઓ કરવા પડે છે. વિદ્યાગુરૂઓની સાથે યોગ્ય વિનયથી વર્તવું. વિદ્યાગુરૂ કોઇ વખત પોતાની ભૂલથી શિષ્યને ધમકાવે, તોપણ તે પ્રસંગે શિષ્યે શિક્ષકને પોતાની ભુલનું ભાન થાય, અને વિનયનો નાશ ન થાય, તેમ મન, વાણી, કાયાનું વર્તન રાખવું. વિદ્યાગુરૂવિનય સંબંધી નીચેની કવિતાનું પુનઃ પુનઃ સ્મરણ કરવું.

## છપ્પયછંદ.

વિદ્યાગુરૂનો વિનય કરે તે વિદ્યા પામે,
વિદ્યાગુરૂનો વિનય કર્યાથી કીર્તિ જામે;
વિદ્યાગુરૂને નમન કરીને વિદ્યા લેવી,
વિદ્યાગુરૂના સામું બોલી ગાળ ના દેવી.
વિદ્યાગુરૂનો વિનય કરે તે ઉંચવિદ્યા ઝટ વરે,
વશી કરણ છે વિનય જગમાં ઉંચ સત્તા ધન કરે. ૧
વિદ્યાગુરૂ બહુ માન કર્યાથી જગમાં મોટો,
વિદ્યાગુરૂની ભક્તિ કરંતાં થાય ન ખોટો,
વિદ્યાગુરૂપર રીસ કરે તે લહે ન ખ્યાતિ;
વિદ્યાગુરૂ અપમાન કર્યાથી ઉચ્ચ ન જાતિ,
પ્રેમભક્તિ વિનય યોગે ગુરૂ કૃપાથી સુખ લહો,

બુદ્ધિસાગર પ્રિય વિનેયો વિનયમાં રાચી રહો. ૨

પુત્ર પુત્રીઓ વિનય વધારો બહુ મજાનો,
સત્ય વિનય કરનાર જગતમાં રહે ન છાનો;
વિદ્યાગુરૂ ઉપકાર હૃદયથી કદી ન ભૂલો,
વિનય વિહીનો મયુર પૃષ્ઠવત્ શાથી ફૂલો;
ચંડાલનો પણ વિનય કીધો શ્રેણિક નરપતિ સાંભળો,
બુદ્ધિસાગર વિનય સેવો મેળી મનનો આમળો. ૩

વિદ્યાગુરૂના વિનયમાં અપૂર્વશક્તિ રહેલી છે, તે વિનેય શિષ્ય જાણે છે. વિનય કદી નિષ્ફલ જતો નથી. વિનયથી આત્મા ઉચ્ચ થાય છે. વિદ્યાગુરૂનો યથાયોગ્ય વિનય સાચવવાથી વિદ્યાર્થી ઘણું મેળવી શકે છે.

## મોટાનો વિનય.

પોતાનાથી જે ઉમરમાં જ્ઞાનમાં સદાચરણમાં મોટા હોય તેમનો જેમ ઘટે તેમ વિનય કરવો. પોતાના મોટાભાઇ હોય તેમનું માન સાચવવું જોઈએ. પોતાની મોટી બેનો હોય તેનો પણ ઘટતો વિનય કરવો. સગાંસંબંધી વિગેરે જે કોઇ મોટાં હોય તેમનો વિનય સાચવવાથી કીર્તિ વૃદ્ધિ પામે છે. મોટાંનો વિનય કરવાથી સંસારમાં કોઇ જાતની ચિંતા ઉત્પન્ન થતી નથી. મોટાંનો વિનય કરવાથી ઉલટી મોટાઇ વધે છે, જે ભવ્યો મોટાંનો વિનય સાચવે છે, તેની સંસારમાં પ્રતિષ્ટા થાય છે. **વિનય સુખનું મુળ** એ સૂત્ર વારંવાર સ્મરણમાં રાખવું. મોટાઓની પાસે જે જે સારા સદ્ગુણો હોય છે, તેની વિનયને પ્રાપ્તી થાય છે, મોટાઓનો વિનય કરવાથી કંઇ લઘુત્વ પ્રાપ્ત થતું નથી મોટાઓનો વિનય કરવાથી તેઓ ગમે તેવી હૃદયની વાત આપે છે. મોટાઓનું ગમે તે વખતમાં મદોન્મત થઇ અપમાન કરવું નહિ. ધુળને પણ પગથી હણવામાં આવે છે તો મસ્તક ઉપર ઉડીને ચઢે છે, તો મોટાઓનું અપમાન શું ન કરી શકે? મોટાઓનો તિરસ્કાર કરવો તે પોતાના તિરસ્કાર બરોબર છે. મોટાઇની મશ્કરી કરવી તે ખરેખરે પોતાનીજ મશ્કરી છે. કાકા, દાદા, દાદીમા, કાકી, ફઇ, માશી, વિગેરેનો પણ પુત્ર પુત્રીઓએ યથાયોગ્ય વિનય સાચવવો. મનથી મોટાઓનું ભલું ચિંતવવું. વાણીથી પ્રિયકર વિનયવચન બોલવું, કાયાથી મોટાઓને નમસ્કાર કરવો, ધનથી દુઃખ વખતમા વાગરીબાઇ વખતમાં મોટાંઓને સ્હાય કરવી, મોટાઓનું વચન પાળવા પ્રયત્ન કરવો. મોટાઓ કદાપિ શિક્ષા આપે તો સહનશીલતા ધારણ

કરવી, મોટાઓની વાત ઉડાવી દેવી નહિ. મોટાઓની આજ્ઞા પાળવાથી અનેક પ્રકારની સિદ્ધિ થાય છે, મોટાઓને અનેક પ્રકારની ચિંતા હોય તો તે ટાળવા પ્રયત્ન કરવો તે પણ એક જાતનો વિનય છે. મોટાઓને જોઇતી અ-નેક પ્રકારની સગવડતા કરી આપવી તે પણ એક જાતનો વિનય છે. મોટા-ઓનો ઉપર ઉપરથી જે વિનય કરે છે અને મનમાં તેમનું પ્રિય કરવાનો વિચાર આચાર નથી તે ખરા વિનયવંત નથી. મોટાઓનું કોઇ પણ રીતે ભલું તેજ ખરેખરો વિનય છે. શબ્દ માત્રથી વિનય કંઇ ફલ આપતો નથી, પણ વિનયનો જે બહોળો અર્થ થાય છે, તે પ્રમાણે વર્તવાથી આત્માનું હિત થાય છે, મોટાઓનો કરાતો વ્યવહારિક વિનય ઉચ્ચ સ્થિતિ પમાડે છે. મો-ટાઓ વિનયના બદલામાં જે કંઇ આપે છે, તેનું વર્ણન થઇ શકતું નથી. જગત્‌માં મોટાઓનો વિનય કરવાથી મનુષ્યોએ ઘણું પ્રાપ્ત કર્યું છે. અહંકારમાં લીન થએલા મોટાને લઘુ ધારે છે, તેજ લઘુદષ્ટિથી પોતે લઘુ બને છે. મ-નુષ્ય અન્યોને ઉચ્ચ ભાવથી દેખે છે, ત્યારે હૃદયમાં ઉચ્ચભાવના થવાથી પોતે જ ઉચ્ચ બને છે. પોતાના હૃદયમાં ઉચ્ચ કે નીચ ભાવના ગમે તે ઉત્પ-ન્ન કરો, પણ જેવી ભાવના તેવું ફળ તમારો આત્મા પ્રાપ્ત કરે છે. મોટા-ઓની સાથે ઉચિત વિનયથી વર્તનાર જીવ દુઃખમય જીવન પણ સુખમય કરી દે છે. મોટાઓમાં અનેક પ્રકારના દોષો સાંભળ્યા હોય, વા જાણ્યા હોય, તો પણ દોષની બાજુ સ્મરણમાં નહિ રાખતાં તેમનામાં રહેલા સદ્ગુણો તરફ દષ્ટિ કરવી. આત્મા ગમે તેના સંસર્ગમાં આવે પણ જો આત્મામાં વિવેક દષ્ટિ ઉત્પન્ન થઇ હોય છે તો દોષો જીતીને સદ્ગુણો ગ્રહણ કરી શકે છે. મોટાઓના સહવાસમાં આવે છે, ત્યારે વિનયથી તેમનામાં જે કંઇ સારૂં દે-ખે છે, તેને ગ્રહણ કરે છે, પણ કાળી બાજુ તરફ દષ્ટિ નાખતો નથી. મો-ટાઓની કદી નિંદા કરવી નહિ. કોઇની પણ નિંદા કરવી ,તે એક જાતની હિંસા છે. મોટાઓનું બુરૂં કરવું, કરાવવું, અનુમોદવું, તે પણ, એક જાતની હિંસા છે. મોટાઓની સાથે જેમ બને તેમ ઉચિત વિનયથી વર્તવું તેમાં નિ-ષ્કામ બુદ્ધિની ખાસ જરૂર છે. સંસારમાં મોટાઓનો વિનય સાચવવો એ ઉન્નતિનું આવશ્યક કૃત્ય છે. ૐ શાંતિ.

# આત્મશ્રદ્ધા ( SELF RELIANCE. )

( લેખક. સત્સંગી. બી. એ. )

આત્માની શક્તિ અનંત છે; આવાતનો આ જગતમાં ઘણાક થોડા પુરૂષોનેજ યથાર્થ ખ્યાલ છે. આનું કારણ અજ્ઞાન છે. એવા ઘણા પુરૂષો આપણને મળી આવે છે કે જેમનામાં રહેલી શક્તિનું તેમને બિલકુલ ભાન હોતું નથી પણ કાંઇક શુભ નિમિત્તકારણ મળતાં તેમને જણાય છે કે તેઓમાં પણ બીજા મનુષ્યોના જેટલીજ શક્તિ રહેલી છે. **अप्पा सो परमप्पा** આત્મા તેજ પરમાત્મા; એ સિદ્ધાંતનું વાકય આપણને બોધ આપે છે કે આપણામાં પરમાત્મપદ મેળવવાનું સામર્થ્ય રહેલું છે.

જે ઉચ્ચમાં ઉચ્ચ પદ છે તેજે આપણે મેળવી શકવાનું બળ ધરાવતા હોઇએ તો પછી જગતના સામાન્ય લાભ મેળવવા એ કામ બહુજ સહેલું છે.

પણ ઉપર જણાવ્યા પ્રમાણે આપણને આપણી શક્તિનું ભાન નથી. આપણને આપણા આત્મબળમાં વિશ્વાસ નથી; તેથી આપણે આપણી ખરી પદવી ભુલી જઇ પામર મનુષ્યના જેવું જીવન ગાળીએ છીએ. જ્યારે પોતાની શક્તિનું માણસને જરા પણ ભાન આવે છે, તેજ વખતે તેનામાં નવો ઉત્સાહ સ્ફુરે છે, અને બીજાને આશ્ચર્યકારક જણાય તેવાં કાર્યો તે ઘણા થોડા સમયમાં કરી શકે છે, આ ઉપર જણાવેલો સિદ્ધાંત સામાન્ય મનુષ્યો પણ બરાબર સમજે તે માટે કેટલાક વ્યવહારમાંથી લીધેલા દાખલા ઉપયોગી થશે એમ ધારી તે અત્ર આપવાનું ઉચિત ધાર્યું છે.

કલિયુગના **ભીમ**સેન તરીકે પ્રસિદ્ધિ મેળવનાર, સિંહસાથે વગર હથીયારે કુસ્તી કરનાર, અને પોતાના શરીર બળથી જગતને હેરત પમાડનાર **મી. સેન્ડો** જ્યારે દશવર્ષની વયનો હતો, ત્યારે તેનું શરીરબળ સામાન્ય મનુષ્ય જેવું હતું, તે શરીરે પાતળો હતો. તે તેના પિતા સાથે એકવાર રોમના મ્યુઝીયમમાં ગયો, ત્યાં તેને પ્રાચીન રોમનની મૂર્તિઓ જોઇ તેમના શરીરનો બાંધો અને ભવ્યદેખાવ નિહાળી તે આશ્ચર્ય પામ્યો, અને પોતાના પિતાને પુછયું:—

હે પિતાજી! આવા માણસો કયા દેશમાં વસે છે ? તેના પિતાએ પ્રત્યુત્તર આપ્યો "હે ભાઇ! આવા પુરૂષો અસલ રોમમાં વસતા હતા, તેમનાં આ પૂતળાં છે, હાલ તો તેવા મનુષ્યો આ જગતમાં કોઈ નથી." આ ઉત્તર સાં-

ભળી તે નાનો બાળક—ભવિષ્યનો પહેલવાન સેન્ડો વિચારમાં પડ્યો." શું હાલ આપણાથી તેવું શરીરબળ ન મેળવી શકાય! અસલના રોમન લોકો પણ આપણા જેવાજ મનુષ્યો હતા, જો તેઓ આવું શરીરબળ પ્રાપ્ત કરી શક્યા તો શું આપણે તેવું ન પ્રાપ્ત કરીએ!" તે દિવસથી તેનામાં શારીરિકબળ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા થઇ, તેણે શરીરના બંધારણનો અને શરીરના જુદા જુદા અવયવોનો તેને લગતાં પુસ્તકો વાંચી અભ્યાસ કર્યો; અને પોતાના શરીરને કેળવવા માંડ્યું.

"**શરીરને બલિષ્ઠ બનાવવું**" એજ તેની ઉચ્ચભાવના (ideal) હતી. તે ઉચ્ચભાવનાને લક્ષમાં રાખી તેણે નિશદિન કાર્ય કર્યા કર્યું, અને તેનું કેવું સુંદર પરિણામ આવ્યું તે બાબત જગવિખ્યાત હોવાથી અત્રે નિવેદન કરવાની જરૂર જણાતી નથી.

જોકે વિષયાન્તર થાય છે, એ વાત લેખકની જાણમાં છે, છતાં આ સ્થળે જણાવવું જરૂરનું છે કે મૂર્તિપૂજામાં પણ ઉપર જણાવેલોજ આશય રહેલો છે. જેમ મી. સેન્ડો તે પ્રાચીનરોમન લોકોની મૂર્ત્તિઓ નિહાળી તેમના જેવું શરીરબળ વધારવાને દોરાયો, તેમ પ્રભુની શાંત, યોગસ્થમૂર્તિ જોઈ આપણે પ્રભુના જેવા ગુણો ખીલવવાને પ્રયત્ન કરવાનો છે. તે પ્રભુની મૂર્ત્તિ આપણને પ્રબોધે છે કે, આપણે પણ પ્રભુના જેવા ગુણવાળા થઈ શકીએ. પણ તે માટે ઉચ્ચભાવના અને દૃઢપ્રયાસની જરૂર છે. જો દરેક કાર્ય કરતી વખતે ઉચ્ચભાવના આપણા હૃદય આગળ આપણે રાખતા હોઇએ, અને તેને વ્યવહારમાં લાવવા સતત પ્રયાસ થતો હોય, તો વ્હેલી અથવા મોડી તે ભાવના સિદ્ધ થયા વિના રહે નહિ. એક આચાર્ય એક સ્થળે લખે છે કે **ભ્રમરીનું ધ્યાન કરવાથી ઇયળ ભ્રમરી થાય છે,** તો પછી આપણે જે બાબતનું ધ્યાન કરીએ તેવા આપણે થઇએ તેમાં શું આશ્ચર્ય!

એક સિંહનું બચ્ચું જન્મથીજ બકરાના ટોળામાં વસવા લાગ્યું હતું, અને તેથી પોતાને તે બકરા તરીકે લેખતું હતું. પોતાનો અસલ સ્વભાવ ભુલી જઇ તે બકરાની માફક આચરતું હતું. તેવામાં એક સિંહ આવ્યો, તેને જોઇને બધાં બકરાંઓએ નાસવા માંડયું, તેની સાથે આ સિંહના બચ્ચાંએ પણ પલાયન કરવાનું શરૂ કર્યું પણ તેવામાં તે સિંહે ગર્જના કરી, એટલે આ સિંહના બચ્ચાંને લાગ્યું કે આની ગર્જના તો મારા જેવી છે તો તેનાથી મારે શા સારૂ ડરવું જોઇએ? આ વિચારથી તે બચ્ચું ત્યાંજ ઉભું રહ્યું અને વિશેષ બારીક અવલોકન કરતાં તેને જણાયું કે આ સિંહ દે-

ખાવમાં પણ મારા જેવો છે, તો પછી મારે આ બકરાની માફક શા સારૂ બ્હીને દોડી જવું જોઇએ !

બકરાના ટોળામાં ફરનાર અને પોતાને બકરા સમાન લેખનાર સિંહના બચ્ચાં જેવી આપણી સ્થિતિ થયેલી છે. આપણે આપણો ઉચ્ચ અધિકાર તદ્દન ભુલીગયા છીએ, અને એક ગાંડા અથવા અજ્ઞાની માફક બાહ્ય વસ્તુઓ સાથે આપણું ઐક્ય કબુલ કરીએ છીએ. કેટલાક જગતની વસ્તુઓને આત્માની કલ્પે છે, તો તેથી આગળ વધેલા શરીર અને ઇન્દ્રિયોને આત્માની માને છે. વળી તેથી જરા આગળ વધેલા વિકારો અને વાસનાઓમાં હુંપણું સ્થાપન કરે છે, અને તેથી વિશેષ ઉન્નતિ પામેલા "મન તે હું" એમ માને છે. મનની પેલીપાર રહેલો આત્મા તે હું છું એવું અનુભવનાર તો વિરલ જણાય છે. આ રીતે પોતાની ખરી પદવી ભુલી જઇ આખું જગત્ થોડે ઘણે અંશે ઉન્માદ અવસ્થા ભોગવે છે. ગાંડાની હોસ્પીટલમાં રહેનાર મનુષ્યોજ ગાંડા નથી, પણ અલ્પ કે વિશેષ પ્રમાણમાં જગતના સઘળા જીવો મોહ મદિરા પીને ઉન્મત્ત થયેલા છે.

કારણ કે પોતાનો પ્રભાવ—સામર્થ્ય તેમનાં જાણવામાં નથી. તેઓએ નિરંતર આ શ્લોકનું મનન કરવું જોઇએ કેઃ—

**अहोऽनंतवीर्योऽहमात्मा विश्वप्रकाशकः ॥**
**त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥**

**અર્થ**—વિશ્વને પ્રકાશ આપનાર આ આત્મા અનંતશક્તિ વાળો છે અને આજ આત્મા ધ્યાનશક્તિ પ્રભાવથી ત્રણ લોકને ચલાવવાનું બળ ધરાવે છે.

આવો આત્મા આપણા દરેકમાં વસી રહેલો છે, તો પછી તેવા આત્માને અશક્ય શું છે? એવી કઇ સ્થિતિ છે, એવી કઇ ઉચ્ચ પદવી છે કે જે આ આત્મા ન પ્રાપ્ત કરી શકે? તમને પ્રથમદર્શને આ બાબત આશ્ચર્ય જેવી લાગશે, પણ નિશ્ચય દૃષ્ટિથી તે સત્ય છે કે **તમારો આત્મા જીનેશ્વરના આત્માની બરોબર છે.** તેમના આત્મામાં ને તમારા આત્મામાં રતિમાત્ર ભેદ નથી જે ભેદ છે તે એટલોજ છે કે તે જીનેશ્વરના આત્માની શક્તિઓ પ્રકટ થયેલી છે, તમારા આત્માની શક્તિઓ તિરોહિત (છુપી) છે. માટે તેને પ્રકટ કરવી એજ હવે આપણું કર્તવ્ય છે.

તમને એક પર્વત કેટલો મોટો ઉંચો લાગે છે! તલેટીએ ઉભા રહી જો તમે એવો વિચાર કરો કે આ પર્વત ઉપર શી રીતે ચઢાશે, આગળ રસ્તો કેવી રીતે નીકળશે, કારણકે અહીંથી સિધો માર્ગ તો જણાતો નથી, મારાથી

તે આવડો ઉંચો પર્વત શી રીતે ચઢી શકાય ! આવા જો તમે વિચાર કરોતો તમે એક પણ પગલું આગળ જઇ શકશો નહિ તમે જે સ્થિતિમાં છો તેને તે સ્થિતિમાં પડી રહેશો પણ જો તમારા આત્મબળમાં વિશ્વાસ રાખી દ્દઢતાથી ચઢવાનું શરૂ કરશો તો ધીમેધીમે તમે થોડાં પગથીયાં ચઢી શકશો. જેમ જેમ તમે ઉંચે ચઢશો, તેમ તેમ તમને તમારી આત્મશક્તિમાં વિશેષ પ્રતીત થશે, આગળ વધશો એટલે તેની આગળનો માર્ગ પણ સુગમ થઈ જશે, અને આ રીતે તમે છેક પર્વતની ટોચે પહોંચી શકશો. પર્વતના શિખરે પહોંચવું છે, એ તમારે સાધ્યબિન્દુ રાખવું જોઇએ. તે તમારૂં નિશાન તમારે ચૂકવું જોઇએ નહિ. રસ્તામાં અનેક આકર્ષક પદાર્થો તમારી દૃષ્ટિએ પડશે, અનેક પ્રકારની મોહક વસ્તુઓ તમને લલચાવશે; કદાચ તમે તેમાં ફસાઇ જાઓ, તોપણ તેને તમારી ભૂલ તરીકે લેખજો પણ ક્ષણવાર પણ નિશાનને તમારી દૃષ્ટિ આગળથી દૂર કરશો નહિ.

કોઈ પણ બાબતમાં વિજય મેળવવાને આત્મશ્રદ્ધાની સાથે એકાગ્રતાની જરૂર છે. જો તમે તમારી શક્તિઓ હરેક બાબત મેળવવામાં એક સરખી રીતે વાપરી દો તો પછી તમારૂં સાધ્ય બિન્દુ મેળવવામાં તમને જરૂર વિલંબ લાગશે. આગળ જે તીર્થંકરો થઇ ગયા તેઓ ધ્યાની હતા. તેઓએ આત્મબળને ધ્યાનથી એકત્રિત કર્યું હતું, અને તેઓએ તે સઘળું બળ આત્માનો અનુભવ કરવામાં વાપર્યું હતું. અને આ રીતે તેઓ ઇષ્ટસિદ્ધ કરી શક્યા હતા. તેઓ પણ આપણા જેવાજ સામાન્ય મનુષ્યો હતા, તેઓમાં પણ આપણા જેવા અનેક દોષો હતા, એ તેમનાં પૂર્વજન્મચરિત્રો વાંચનારના અનુભવમાં આવ્યા વગર રહ્યું નહિ હોય. જો તેઓ દૈવીશક્તિવાળા હતા, તો આપણે પણ તેવાજ છીએ. માટે જરાપણ નિરૂત્સાહી થવું નહિ આપણે માથે કર્મનો ગમે તેટલો બોજો પડેલો હોય, તોપણ જરાપણ ગભરાવું નહિ. એ કર્મનો બોજો આપણે શિર મુકનાર આપણે પોતેજ છીએ તો તે ઉતારવાનું કામ પણ આપણેજ કરી શકીશું. આપણા પૂર્વકૃત કર્મોને લીધે હાલ આપણે ગમે તેવા અનિષ્ટ સંજોગોમાં મુકાયેલા હોઇએ, તોપણ આપણું ભવિષ્યતો આપણા હાથમાંજ છે દરેક પળે આપણા મનથી વાસનાઓથી અને કાર્યોથી આપણે નવાં કર્મ બાંધીએ છીએ. હવે આપણી ભવિષ્યની સ્થિતિ કેવી થશે તેનો આધાર આપણા મનપર, વાસનાઓ પર અને કાર્યોપર રહેલો છે. માટે જો તે શુભ હશે તો આપણું ભવિષ્ય શુભ થશે, જો તે અશુભ હશે તો આપણું ભવિષ્ય અશુભ થશે. અશુભ કર્મદળને વિખેરી નાખનાર આત્મા છે, એવી શ્રદ્ધા નિશદીન રાખી શુભ કાર્યમાં ઉદ્યમ

કરવો જોઇએ અને જરૂર તે કાર્ય સિદ્ધ થશે. એક અંગ્રેજ લેખક લખે છે કેઃ— **“ તમારી અંદર રહેલા આત્માનો છેવટે વિજય છે, અને તેનામાં જડવસ્તુ ઉપર સામ્રાજય મેળવવાની સત્તા રહેલી છે તે બાબત દૃઢ શ્રદ્ધા રાખો;** કારણકે આત્માના અનંતશક્તિને બાધ કરવા આ જગતમાં કોઇ પણ શક્તિવાન નથી. ”

આ લેખનો સાર એ છે કે નિરંતર ભાવના ઉચ્ચ રાખો; જે માણસ આકાશ સામું તીર તાકે છે, તે છેવટે વૃક્ષ સુધી તો મારી શકે છે, એ વિચારને હૃદયમાં ધારો; અને તમે જે સ્થિતિમાં મુકાયેલા હો, તે સ્થિતિમાંથી આગળનું પગલું ભરો. આત્મામાં દૃઢ શ્રદ્ધા રાખી વિઘ્નથી ભય પામ્યા વિના આગળ વધો. જેમ આગળ વધશો તેમ તમને તમારી શક્તિમાં વિશેષ શ્રદ્ધા આવશે; જે માર્ગ પ્રથમ દુર્ગમ લાગતો હતો તે સુગમ થઇ જશે; અને વિશેષ ઉત્સાહથી આગળ વધતાં ઇષ્ટસિદ્ધિ થઇ શકશે.

---

## દાન. ( Charity.

(લેખક ભોગીલાલ મગનલાલ શાહ. મુ. ગોધાવી. )

दानं कीर्तितरंगिणीकुलगिरिर्दानं नीधिः श्रेयसाम् ॥
दानं संवननं समस्तजगतां दानं निदानं श्रियां ॥
दानं दुर्जनमानमर्दनमहो दानं गुणोत्कर्षकृत् ॥
किंचान्ये भूवि दानमेव सकलं स्वेष्टार्थसिद्धिक्षमम् ॥ १ ॥

દાનનો મહિમા અપાર છે. દાનગુણથી મનુષ્યની કીર્તિ સર્વત્ર વ્યાપી રહે છે. દાતા સર્વને પ્રિય અને ઉપયોગી થઇ પડવાથી સર્વના પ્રેમનું પાત્ર બને છે, અને સર્વથી સન્માન પામે છે. તેનું કુળ ઉચ્ચ ગણાય છે. દાતા સર્વત્ર વ્યાપેલા પોતાના યશવડે પોતાના કુળને પણ પ્રસિદ્ધ કરે છે. તે પોતાના કુળને શોભાવે છે, અને ઉચ્ચ બનાવે છે. પોતાના દાનગુણવડે સર્વનાં મન હરી લેઇ સર્વને પોતાને અનુકુળ બનાવે છે. તેની કીર્તિ વ્યાપી રહેવાને લીધે તેને ઉદ્યોગાદિનાં સાધનો પણ વિશેષ ઉપલબ્ધ થાય છે. એ સામાન્ય કહેવત છે કે “વાવે તેવું લણે.” મનુષ્ય જે પ્રમાણે જનકલ્યાણ અર્થે દ્રવ્ય

ખરચે છે, તે પ્રમાણે તેને આ લોકમાં તેમજ પરલોકમાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. જન કલ્યાણ અર્થે ખરચેલું દ્રવ્ય સ્વ તેમજ પર ઉભયના કલ્યાણનુ ફળ આપે છે. દાતા જેમ આપે છે તેમ વિશેષ પ્રાપ્ત કરે છે. લક્ષ્મી ચંચળ હોવાથી જેમ તેનો વ્યય થાય તેમ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થાય છે. દાન દુષ્ટ પુરૂષોના અહંકારનો નાશ કરે છે ચંદ્રમાના પ્રકાશ આગળ તારાગણો જેમ નિસ્તેજ થાય, તેમ દાતાના પ્રભાવ આગળ તેઓ નિસ્તેજ બને છે. દાતા સ્વાભાવિક રીતે ઉત્તમ પુરૂષોના સમાગમમાં આવી શકે છે, તેથી તેનામાં સર્વ સુગુણોનો આવિર્ભાવ થાય છે. સ્વલ્પમાં આ જગતના વિષે દાનગુણ મનુષ્યને સકળ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ કરી આપે છે.

**दानं हि परमो धर्मो दानं हि परमक्रिया,**
**दानं हि परमो मार्गस्तस्माद्दाने मनः कुरु. ॥ १ ॥**

"દાન એજ પરમધર્મ છે, દાન એજ પરમક્રિયા છે, દાન એજ પરમ માર્ગ છે, માટે દાન કરવાની વૃત્તિ રાખો !" દાનવડે શત્રુ મિત્ર થાય છે, દાનવડે ઉત્તમ પુરૂષનો સંબંધ થવાથી બુદ્ધિ નિર્મળ થાય છે, અને સ્વલ્પમાં દાનથી સાધન ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે. આ દુનિઆમાં જેમ વ્યવહાર (ઉદ્યોગ) નો હેતુ દ્રવ્ય પ્રાપ્ત કરવાનો છે, તેમ દ્રવ્યનો હેતુ દાનનો છે. મનુષ્ય જીવનનો વાસ્તવ હેતુ અન્યને સહાયભૂત થવામાં છે. આ સૃષ્ટિમાંના સર્વ પદાર્થો પ્રતિ દૃષ્ટિ કરતાં અને તેમનો પરસ્પરનો સંબંધ અને ધર્મ વિચારતાં સર્વે પરાર્થે ક્રિયામાં રહેલા જણાય છે.

સૂર્યને ચંદ્ર નિયમસર ઉગે છે, ઋતુઓ નિયમસર આવ્યે જાય છે, તારાઓ તેમની ગતિ પ્રમાણે નિયમસર ફર્યા કરે છે, વૃક્ષો ઋતુ અનુસાર ફળ ધારણ કરે છે, અને સ્વલ્પમાં કુદરતના સર્વે પદાર્થો પોતાનું કાર્ય યથાયોગ્ય પ્રાપ્ત નિયમાનુસાર કર્યે જાય છે. જેમ ઘટિકાયંત્રનું દરેક ચક્ર અન્યોન્ય સાથે નિયમાનુસાર ગોઠવાઇ, અન્યને ગતિ આપી પોતાનું કર્તવ્ય બજાવે છે, એટલું જ નહિ પણ ઘટિકાયંત્રનો હેતુ સિદ્ધ કરે છે, તેમ કુદરતના સર્વે પદાર્થો પોતાનું વાસ્તવ કર્તવ્ય બજાવ્યે જાય છે; અને તેમ થતાં કુદરતની સ્થિતિ વ્યવસ્થિત જળવાઇ રહે છે. જનસમૂહમાં પણ "Divison of labour" "મહેનતની વહેંચણી", નિર્મિત થયેલ દૃષ્ટિગોચર થાય છે. જો તેમ ન હોત તો સમાજયંત્ર વ્યવસ્થિત અને એક નિયમાનુસાર આપણી દૃષ્ટિએ પડત નહિ. પ્રત્યેક મનુષ્ય પોતાના ઉદરનિર્વાહ કરતાં પણ વિશેષ કમાવાને આતુર હોય છે. જે પદાર્થો શારીરિક અને માનસિક મહેનત વડે તે ઉપાર્જન કરે છે,

તે તેને તેમજ તેના આખા કુટુમ્બને પણ ચાલે તેથી વિશેષ હોય છે, જે-થી પરોક્ષ રીતે પણ પરાર્થનો હેતુ સચવાય છે. એથી ઉલટું કેટલાક પદાર્થો તે આત્મબળથી અતિશ્રમે પણ પ્રાપ્ત કરી શકે તેમ ન હોય તેને, તે પોતાના ઉપાર્જન કરેલા પદાર્થના આપલે-વ્હેંચણીથી મળે છે. સ્વલ્પમાં આ દુનિયામાં મનુષ્ય માત્રને પોતાની કુદરતી વા અકુદરતી સામાન્ય વા અસામાન્ય કોઈ પણ પ્રકારની હાજતો પુરી પાડવામાં અન્યપર આધાર રાખવો પડે છે, એ નિઃસંદેહ છે. કોઇ પણ મનુષ્ય સ્વાશ્રમવડે સર્વે પદાર્થો પ્રાપ્ત કરી શકતો નથી. એથી એ વાસ્તવિક છે, કે આ દુનિયામાં મયષ્તુનું જીવન પોતાને તેમજ અન્યને ઉપયોગી—ઉપકારક થઇ પડવા માટે છે. કુદરતના આ સામાન્ય નિયમનું ઉલ્લઘન કરી જે મનુષ્ય સ્વાર્થ લુબ્ધ બને છે, તે મનુષ્ય ઐહિક જીવનના હેતુનો સાર ન સમજી શકવાને લીધે અન્યને બોજારૂપ થઇ પડે છે.

पिबान्ति नद्यः स्वयमेव नाम्भः ॥
स्वयं न खादन्ति फलानि वृक्षाः ॥
खादन्ति सस्यं न च वारिवाहाः ॥
परोपकाराय सतां विभूतयः ॥ १ ॥

"નદી પોતે જળના સમુહ છતાં જળનું પાન કરતી નથી, વૃક્ષો પોતે ફળ ધારણ કરતાં છતાં તેમને ખાતાં નથી; પાણીનો પ્રવાહ પોતે અનાજને પોષે છે, છતાં અનાજ ખાતો નથી; માટે સત્પુરૂષોની વિભૂતિ પરોપકારાર્થે છે. જે મનુષ્યે આત્મ બળથી ન્યાયપુરઃસર દ્રવ્ય પ્રાપ્ત કર્યું હોય છે, તે સ્વાભાવિક રીતે ઉદાર મન રાખી શકે છે; કારણ કે તેને આત્મબળમાં શ્રદ્ધા હોવાથી તે દ્રવ્યનું દાન અને વ્યય કરી શકે છે. દાન મોહના નાશનું અને નિર્લોભ જીવનના ક્રમનું પ્રથમ પદ છે. તેમાં ઉત્તરોત્તર આગળ વધતાં મનુષ્ય સમતા, સર્વ પ્રાણી પર સમાનભાવ, દયા, આદિનો સુગુણ શ્રેણીએ ચડી શકે છે. પાંચમહાવ્રતોમાંનું છેલ્લું અપરિગ્રહ વૃત્ત પણ દાનના આરંભથી શરૂ થાય છે. તીર્થંકર ભગવાન પણ ચારિત્ર્ય ધર્મ અંગીકાર કરતાં પહેલાં વાર્ષિક દાન આપે છે. આ હેતુથી જોતાં પંચમ કાળમાં ધર્મ સુસાધ્ય દાન વડે થઇ શકે છે. મનુષ્ય માત્રને સંસાર દુઃખના નિમિત્ત રૂપ મુખ્ય બે બાબતો (વિષયવાસના અને લોભ) પૈકીના લોભના વિનાશનું અન નિર્લોભ અવસ્થા પ્રાપ્ત કરવાનું પરમ સાધન દાન વિધિ છે. શ્રીમત્સદ્ગુરૂશ્રી તેમના પદ્યસંગ્રહ ભાગ બીજામાં દાનવિષે ઉલ્લેખ કરે છે કે

" દાનને દેઇએ, દાનને દેઇએ દાન દીધા થકી પુણ્ય વૃદ્ધિ;
દાનથી સ્વર્ગની પ્રાપ્તિ છે સહજમાં, દાનથી હોય સર્વત્ર સિદ્ધિ.
થાય વશ સહુ વેરીઓ દાનથી, સ્વર્ગ પાતાળમાં કીર્તિ ગાજે;
દાનથી દેવતા સેવતા ચરણને, દાનથી મુક્તિનાં શર્મ છાજે.
દાન દીધા થકી સર્વ દોષો ટળે. દાનથી ધર્મનું બીજ વાવે;
સાધુને પ્રેમથી દાન દીધા થકી; પ્રાણીઓ મુક્તિમાં શિઘ્ર જાવે;

દાનનો મહિમા અવર્ણનીય છે. દાન વડે લક્ષ્મી મળે છે; ગમે તે મનુષ્ય વશ થાય છે; અખંડ કીર્તિ ફેલાય છે; અને સ્વલ્પમાં સર્વ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ પણ તેથીજ થાય છે. કહ્યું છે કે—

येषां न विद्या न तपो नदानं
ते मृत्युलोके भुवि भारभूता
मनुष्यरुपा पशवश्चरान्ति ॥

" જે મનુષ્યો ધર્મ દાન કરી શકતા નથી, જેમણે વિદ્યા પ્રાપ્ત કરી નથી, અને જેમણે તપશ્ચર્યા વડે પોતાનો દેહ વિશુદ્ધ કર્યો નથી, તે મનુષ્યો આ મૃત્યુલોકમાં બોજારૂપ છે તેઓ મનુષ્ય રૂપે છતાં પણ પશુ સમાન છે." દ્રવ્યનો સંગ્રહ કરી દાનાદિ વડે જનસમૂહના કલ્યાણ નિમિત્તે તેનો વ્યયન થયો તો તે નિરર્થક છે. સંગ્રહવાના હેતુથી કરેલો દ્રવ્યસંચયજ અનિષ્ટ છે. દ્રવ્ય નહિ પણ દ્રવ્યનો અતિ લોભ હાનિકારક છે.

जनयंत्यर्जने दुःखं, तापयंति विपत्तिषु ।
मोहयंति समृद्धौ च, कथमर्थाः सुखवहाः ॥

" ધન એ સંપાદન કરતાં ભારે કષ્ટ આપે છે. નષ્ટ થયા પછી મનને પીડા કરે છે; પુષ્કળ સમૃદ્ધિ થઇ એટલે મોહ ઉત્પન્ન કરે છે. તો પછી ધન સુખાવહ છે, એવું લોકો કહે છે તે કેવી રીતે, તે સમજાતું નથી." ઉદર-નિર્વાહને માટે જેટલું દ્રવ્ય આવશ્યક છે તે ઉપરાંતનું વધારાનું ધન હાનિકારક છે. દ્રવ્ય એ દુઃખ અને મોહનું મુળ છે, માટે મનુષ્યે ધનપર આશક્તિ રાખવી ન જોઇએ. અન્ય સર્વ વાસનાઓ તો વૃદ્ધાવસ્થામાં શાન્ત પડે છે, પરંતુ તૃષ્ણા ઘટવાને બદલે વૃદ્ધિ પામે છે. કહ્યું છે કેઃ—**तृष्णा न जीर्णा वयमेव जीर्णा** । આ પ્રમાણે જો કે દ્રવ્યની આશક્તિ અનિષ્ટ છે છતાં જીવન નિર્વાહનાં સાધનો પ્રાપ્ત કરવા માટે દ્રવ્ય બહુ અગત્યનું છે. મનુષ્યનાં

સઘળાં સુખસાધનો અન્ન, વસ્ત્ર, ઘરબાર, રાચરચીલું અને પુસ્તકો આદિ સર્વે દ્રવ્ય પર આધાર રાખે છે. દ્રવ્ય વિના મનુષ્યને દારિદ્રયનાં અનેક સંકટો સહન કરવાં પડે છે. આથી દ્રવ્ય પ્રાપ્ત કરવું આવશ્યક છે. પરંતુ જેમ અન્ય સર્વ વિષય સંબંધે છે, તેમ અત્ર પણ મર્યાદાની જરૂર છે. જેમ દ્રવ્ય વધે તેમ લોભવૃત્તિ પ્રબળ થવી ન જોઇએ. પરોપકારવૃત્તિનું જેમ પોષણ કરવામાં આવે તેમ લોભ નિર્મૂળ થાય છે.

માટે દ્રવ્ય પ્રાપ્ત કરતાં ઉદર નિર્વાહ સાથે પરોપકારનો હેતુ પણ મનુષ્યે લક્ષમાં રાખવો જોઇએ. લક્ષ્મી ચંચળ છે તેનો કોઇ સમયે વિયોગ થવાનો નક્કી છે. તે કયાં સુધી રહેશે તે નિર્ણિત નથી, માટે તેનો અતિ લોભ નુકશાનકારક છે. કહ્યું છે કેઃ—

धनानि जीवीतं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।
सन्निमिते वरं त्यागो विनाशे नियते सति ॥

" ડાહ્યા પુરૂષોએ ધન અને આયુષ્ય પરાર્થે ખર્ચવું જોઇએ, કારણ કે જયારે તેનો વિનાશ નિશ્ચય પૂર્વક છે, તો તેનો સારા નિમિતે વ્યય થાય તો ઉત્તમ છે." વિવેકી પુરૂષો જીંદગી તેમજ દ્રવ્યનું સ્વરૂપ છે ? તેઓ વિચારે છે કે નાશવંત વસ્તુનો સદુપયોગ થાય તેમાં લાભ છે. કારણ કે વસ્તુપ્રાપ્તી થયે તેનો ઉપભોગ ન કરતાં પાછળથી વૃથા વિમાસણ કરવાથી કાંઇ વળતું નથી. વર્ષાઋતુમાં કૃષિકાર આળસુ થઈ બેસી રહે અને પછી મિથ્યા શોચ કરે તો તેથી કાંઇ પણ લાભ થતો નથી. માટે ધન શરીર બળ પ્રાપ્ત થયે છતે શરીર, મન વા ધનની સહાયતાથી જો જનકલ્યાણ ન થયું તો પછી નિર્ધન અને વૃદ્ધાવસ્થામાં તો રંક મનુષ્યના મનોરથોની માફક આતુરતા ધરવાથી શો લાભ ? માટે સાધનસંપન્ન અવસ્થામાંજ તેનો લાભ લેવો જોઇએ. પરંતુ સારી સ્થિતિમાં મનુષ્યને પોતાનેજ ખ્યાલ રહ્યા કરે છે, " પોતે સુખી તો બધી દુનીઆ સુખી."

'એ ઉક્તિ અનુસારે તે પોતાની સ્થિતિથી અન્યવિષે અનુમાન કરે છે, શ્રીમંતોને દુઃખ અને સંકટનો અનુભવ ન હોવાથી તેઓ દુઃખી મનુષ્યોનાં દુઃખ અને સંકટ કલ્પી શકતા નથી. તેઓ સ્વાર્થ શોધવામાં અને સુખોપભોગ ભોગવવામાંજ આનંદ માને છે. સુજ્ઞ પુરૂષોજ તુચ્છ વિચાર કરતાં પરોપકાર બુદ્ધિ રાખે છે. તેને પોતાનું કર્તવ્ય ગણે છે. દ્રવ્યનું સાર્થક દાનવડેજ તેઓ કરે છે. તેવા સુજ્ઞ વિવેકી પુરૂષોનેજ ધન્ય છે. બાકી આ સંસા-

રમાં સર્વ કોઇ પોતાનું ભરણપોષણ કરે છે. પશુ પણ પોતાનું પેટ ભરે છે પરંતુ તેથી શું વિશેષ છે.
કહ્યું છે કે:—

आत्मार्थे जीवलोकेऽस्मिन् को न जीवति मानवः ।
परं परोपकारार्थं यो जीवति स जीवति ॥

" આ જગતમાં લોભ—કલ્યાણની ખાતર કોણ ઉદ્યોગી નથી ? પરંતુ પરોપકારઅર્થે જે ઉદ્યોગી છે, તેના જીવનને જ ધન્ય છે ?" જ્યારે મનુષ્ય સ્વાર્થ તજી પરાર્થ વૃત્તિ ધારણ કરે છે, ત્યારેજ વિશેષતા ગણી શકાય. શ્રીમંતનો ધર્મ છે કે તેણે અન્યજનોના લાભાર્થે દ્રવ્ય ખરચવું જોઇએ, જેમ કુટુમ્બનો સ્વામી કુટુમ્બ અર્થે દ્રવ્ય કમાય છે, અને ખર્ચે છે; તેમ સમૃદ્ધિવાન પુરૂષે પણ સમાજ–જે વિસ્તૃત અર્થમાં એક કુટુમ્બ છે, તેના લાભાર્થે દ્રવ્ય ખરચવું જોઇએ. ( અપૂર્ણ )

---

# દ્રવ્ય (SUBSTANCE.)

## ( જૈન દૃષ્ટિએ તેનું સ્વરૂપ. )



જૈનો દ્રવ્યને કેવા સ્વરૂપનું માને છે, તે બતાવવાને આ લેખની પ્રવૃત્તિ થયેલી છે. તે વિષય અતિ કઠિણ છે, છતાં તત્સંબંધી પુસ્તકો વાંચતાં જે વિચારો સ્ફૂર્યા તે દર્શાવવાનો આ પ્રયત્ન છે. જો આ બાબતમાં મતિમંદતાથી કાંઇ વિપરીત જણાવવામાં આવ્યું હોય, તો તે સંબંધી સૂચવવા દરેકને ભલામણ કરવામાં આવે છે; કારણ કે આવા વિષયો સંબંધી લખવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે, અને તેથી અપૂર્ણજ્ઞાનને લીધે તેમાં દોષ રહી જવાનો સંભવ છે.

આ જગતમાં જે જે પદાર્થો આપણા જોવામાં આવે છે, તેનો જૈન ધર્મ પ્રમાણે ષડ્દ્રવ્યમાં સમાવેશ થઇ જાય છે. ષડદ્રવ્યથી અતિરિક્ત કોઇપણ વસ્તુ આ જગતમાં નથી. જો તે ષડ્દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે તો જૈન દૃષ્ટિએ જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન મળી શકે. તે ષડ્દ્રવ્યના નામ નીચે પ્રમાણે છે. ૧. જીવ. ૨. અજીવ. ૩. ધર્માસ્તકાય, ૪. અધર્માસ્તકાય, ૫. પુદ્ગલ અને ૬. કાળ. આ ષડ્દ્રવ્યનું વિવેચન આ લેખમાં હું કરવા માગતો નથી, પણ દ્રવ્ય કોને કહેવું, અર્થાત્ દ્રવ્યની વ્યાખ્યા શી, સ્વરૂપ શું તે વિચારવાની ઇચ્છા છે.

દ્રવ્યની જુદી જુદી વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે. જોકે વસ્તુતઃ ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓના સાર એકજ પ્રકારનો છે, છતાં પ્રથમ આપણે તેમને જુદી જુદી વિચારીશું.

૧. **द्रव्यं स लक्षणकं** જેનું લક્ષણ સત છે, અર્થાત જે અસ્તિત્વ ધરાવે છે તે દ્રવ્ય. આ જગતમાં જે કાંઇ હયાતી ધરાવે છે, તે સર્વ દ્રવ્ય કહી શકાય.

૨. **गुणपर्यायवद्युतं द्रव्यं** ગુણ અને પર્યાયયુક્ત જે કાંઇ હોય તે દ્રવ્ય છે. પણ આ વ્યાખ્યા સમજતાં પૂર્વે ગુણ અને પર્યાયનું સ્વરૂપ જાણવાની જરૂર છે, કારણ કે વ્યાખ્યામાં જે શબ્દો આપણે વાપરીએ, તેનો યથાર્થ-બોધ થયા સિવાય વ્યાખ્યા સંપૂર્ણ રીતે સમજી શકાય નહિ.

## ગુણ અને પર્યાયનો ભેદ

વસ્તુના સ્વાભાવિક ધર્મોને ગુણ કહેવામાં આવે છે. તે ગુણો તે વસ્તુમાં સમવાય સંબંધે રહેલા હોય છે. તે ગુણો સિવાય ગુણીનો વિચાર કરવો અસંભવિત છે. તે વસ્તુનું સ્વરૂપજ તે ગુણો મારફતે જાણવામાં આવે છે.

જો ગુણ ન હોય તો વસ્તુનો ( ગુણીનો ) અભાવ થાય, કારણકે ગુણ વિના વસ્તુનું સ્વરૂપજ શી રીતે જાણવામાં આવે ! માટે વસ્તુની સાથે ઓતપ્રોત રૂપે રહેલા જે ધર્મો તે ગુણો કહેવાય છે. તે અવિનાશી છે, અને તે સર્વકાળ વસ્તુની સાથે રહે છે. દાખલા તરીકે દાહકશક્તિ એ અગ્નિનો ગુણ છે; અથવા જ્ઞાન એ આત્માનો ગુણ છે.

પર્યાય એ વસ્તુના વિભાવિક ધર્મો છે. તેઓ ક્ષણિક છે. ક્ષણે ક્ષણે બદલાય છે, અને વસ્તુમાં ફેરફાર કરે છે; તેઓ વસ્તુની સાથે સર્વદા રહેતા નથી. દાખલાતરીકે માટીનો ઘટ બનાવવામાં આવે તો માટીના પર્યાયો ઘટ રૂપે ફેરવાઇ ગયા એમ કહી શકાય. પણ તે પર્યાયો નિત્ય નથી, કારણ કે તે ઘટ ભાંગવામાં આવે તો તે ઘટના પર્યાયો ઠીકરીઓના પર્યાયો રૂપે બદલાઇ જાય છે. આ રીતે પર્યાયની અપેક્ષાએ વસ્તુમાત્રમાં ફેરફાર થયા કરે છે. આ ગુણ અને પર્યાયના સ્વરૂપ ઉપરથી સમજાયું હશે કે દરેક દ્રવ્યના કેટલાક નિત્ય અને કેટલાક અનિત્ય ધર્મો છે. દરેક દ્રવ્ય તે નિત્ય અને અનિત્ય ધર્મોથી જોડાયેલું છે. નિત્ય ધર્મને ગુણ કહેવામાં આવે છે, અને અનિત્ય ધર્મને પર્યાય કહેવામાં આવે છે. માટે કેટલાક સ્થાયી અને કેટલાક અસ્થાયી ધર્મયુક્ત વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે.

હવે આપણે ત્રીજી વ્યાખ્યા તપાસીશું. તે વ્યાખ્યા જણાવે છે કે

**उत्पादव्ययध्रौव्ययुक्तं हि द्रव्यम्** જેમાં ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા રહેલી છે તે દ્રવ્ય છે. દરેક દ્રવ્યમાં દરેક ક્ષણે નવા પર્યાયોની ઉત્પત્તિ થાય છે, જુના પર્યાયોનો વિનાશ થાય છે, અને વસ્તુરૂપે તે દ્રવ્ય તેવું ને તેવુંજ સ્થિર-નિત્ય રહે છે માટે ઉત્પત્તિ વિનાશ અને નિત્યતા સહિત જે વસ્તુ તે દ્રવ્ય છે. એક બાળક યુવાવસ્થા પ્રાપ્ત કરે છે. હવે જૈન પરિભાષામાં બોલીએ તો બાળકના પર્યાયો વિનાશ પામ્યા, યુવાવસ્થાના પર્યાયોની ઉત્પત્તિ થઇ, અને તે માણસ તરીકે તેનો તેજ રહ્યો.

વળી એક મનુષ્ય મરણ પામી દેવગતિ પામ્યો, તેનો આ દૃષ્ટિથી વિચાર કરીએ તો મનુષ્યના પર્યાયોનો વિનાશ થયો, દેવના પર્યાયોની ઉત્પત્તિ થઇ, છતાં બન્ને અવસ્થામાં તેજ આત્મા નિત્ય રહ્યો. માટે ઉત્પત્તિ વિનાશ અને ધ્રાવ્ય યુક્ત તે આત્મા એ એક દ્રવ્ય છે.

આ રીતે આપણે દ્રવ્યનાં લક્ષણ વિચાર્યાં. જો કે પ્રથમ દૃષ્ટિએ આ ત્રણ લક્ષણો આપણને ભિન્ન ભાસે છે, છતાં સૂક્ષ્મ વિચાર કરતાં તેઓ એકજ અર્થ સૂચવનારાં છે. વસ્તુનું ખરૂં સ્વરૂપ આ વૈખરી વાણીદ્વારા સમજવું એ વિકટ કાર્ય છે, માટે જ્ઞાની પુરૂષો જુદા જુદા રૂપે તેનો તેજ વિચાર પ્રતિપાદન કરે છે. કોઇને અમુક રૂપમાં તે વિચાર સહેલાઇથી સમજાય તો બીજો કોઇ બીજા રૂપમાં તે વિચાર સમજી શકે.

હવે આ ત્રણ વ્યાખ્યાઓ કેવી રીતે એકજ લક્ષણ જણાવનારી છે તે આપણે વિચારીએ.

પ્રથમ લક્ષણ એ છે કે જે **સત્** છે તે દ્રવ્ય. હવે **સત્**ની વ્યાખ્યા જૈનધર્મ આ પ્રમાણે આપે છે. **नित्यानित्यं सत्।** જે વસ્તુ નિત્ય અનિત્ય એકજ સમયે હોય તે સત્ કહી શકાય. ધ્રૌવ્યતા પ્રતિપાદન કરનારો નિત્ય શબ્દ છે, અને અનિત્ય શબ્દથી ઉત્પાદ અને વ્યયનું સૂચન થાય છે. આ રીતે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યયુક્ત જે વસ્તુ તે સત્ વસ્તુ ઠરે છે. અને **સત્** દ્રવ્યનું લક્ષણ હોવાથી ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય વાળી વસ્તુ તેજ દ્રવ્ય એમ સિદ્ધ થાય છે. દ્રવ્ય નિત્ય હોવાથી ધ્રૌવ્યતા સિદ્ધ થાય છે અને પર્યાય એ અનિત્યધર્મ હોવાથી ઉત્પાદ વ્યયને સૂચવે છે. આ રીતે પણ 'ગુણ પર્યાયયુક્ત એ દ્રવ્ય' એ વ્યાખ્યા અને "ઉત્પાદવ્યય ધ્રૌવ્યયુક્ત એ દ્રવ્ય" એ વ્યાખ્યા મળતી આવે છે.

Patience.

# જીવ દયા.*

## ( લેખક. રાલ્ફ વૉલ્ડો ટ્રાઇન )

આ સ્થળે જણાવવું જરૂરનું છે કે કેદીઓની સાથેની વર્તણુકમાં કેદીઓનું જે ખેદજનક અપમાન કરવામાં આવે છે, તે ખરેખર નિન્દવા લાયક, જરૂર વગરનું અને તદ્દન અયોગ્ય છે, કેદખાનામાં તે માણસ દાખલ થયો એ કાંઇ થોડું અપમાન નથી. ત્યારે પછી તે કેદીનું અપમાન કરવાને બીજી અનેક અધમ રીતોનો ઉપયોગ કરવામાં આવે છે તેથી શો લાભ? જેલના અમલદારો બીજાનું દેખી અથવા ચાલી આવેલા કુધારા પ્રમાણે બિચારા કેદીઓની સાથે સંપૂર્ણ નિર્દયતાથી વર્તે છે. તેથી કેદમાં ગયા પછી દયાની આશા તે કેદીઓને બિલકુલ છોડી દેવી પડે છે. ત્યાં કેદમાં કોઇ તેની પર રહેમ બતાવતું નથી, પણ સર્વ તેના પ્રતિ ઘાતકી રીતે વર્તે છે, અને અપમાન કરે છે, તેથી પરિણામ એ આવે છે કે કેદમાંથી બ્હાર નીકળ્યા પછી તે પણ વિશેષ ઘાતકી રીતે વર્તતો થાય છે. અતિશય દુઃખ સહન કરવાથી તેની લાગણી બુઠ્ઠી થયેલી હોય છે, અને તેથી તે વિશેષ દુરાચારી કે પાતકી થાય તો તે બનવા જોગ છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે માણસને આખી જીંદગી સુધી અપરાધી બનાવવો હોય તો એક વાર તેને જેલમાં મોકલવા જેવો બીજો કોઇ ઉપાય નથી. સર્વ સદ્‌ગુણોનું મૂળ દયા છે, જે માણસમાં દયા છે તે કદાપિ પાપનાં કર્મ કરવા દોરાયજ નહિ, પણ તે દયાનાં બીજને પુષ્ટિ આપવાને, અને તે કેદીમાં સ્વાત્મમાન ( self-respect )ની લાગણી ઉત્પન્ન કરાવવાને બદલે, જ્યારથી તે કેદમાં દાખલ થાય છે, ત્યારથીજ તે બીજ તેનામાં હોય તો તેનો નાશ કરવાના ઉપાય લેવામાં આવે છે. **જે માણસ તરફ દયા બતાવવામાં આવી હોય, તે માણસજ બીજા મનુષ્યો તરફ દયા બતાવતાં શિખી શકે,** પણ તેને બદલે તે કેદીની સાથે ક્રુરતાથી વર્તવામાં આવે તો તે દયાનો ગુણ તેનામાંથી બિલકુલ નાશ પામે છે; કેદમાં તો દયા નામ શું છે, તેનો તેને જરા પણ ખ્યાલ મળતો નથી. તે પોતાની આસપાસ અને પોતાના ઉપર ક્રુરતાના દેખાવો પ્રતિદિન નિહાળે છે; અને તેથી તેનું ખેદકા-

---

* ( **અનુવાદક. સત્સંગી. બી. એ.** )

રક પરિણામ એ આવે છે કે કેદમાંથી બ્હાર નીકળતાંજ તેના મનમાં ન્યાય અને રાજસત્તા પ્રતિ તિરસ્કાર વછુટે છે, પોતે મનુષ્ય જાતિને પાપી ભાળે છે, અને વેર લેવાની વૃત્તિ તેના મનમાં પ્રબળ વ્યાપે છે, અને તેથી ઘણી વાર તે રાજ્યદ્રોહી બને છે, અને તે પોતાની જાતને તથા જનસમાજને એક ભયંકર શત્રુ રૂપ થઇ જાય છે.

જે ફોજદારીકાયદાની કલમો; અને જેલખાનાની વ્યવસ્થા, અપરાધીને જ્યારે તે કેદમાં દાખલ થયો ત્યારે તેની જેવી સ્થિતિ હતી, તેના કરતાં વધારે સારી સ્થિતિવાળો ન બનાવે અને ફરીથી અપરાધ કરતાં રોકી ન શકે, તે કલમો અને વ્યવસ્થા ખરેખર દિલગીરી ઉત્પન્ન કરનારી છે. ત્યારે આ બિચારા અપરાધીઓની સ્થિતિ સુધારવાને શા ઉપાયો યોજવા જોઇએ ? મનુષ્ય જાતિના સુભાગ્યે કોઇ કોઇ સ્થળે પરોપકારી, દયાળુ હૃદયના વીર પુરૂષો અને વીર સ્ત્રીઓ જણાઇ આવે છે, જેઓ કેદખાનામાં જઇ કેદીઓની તરફ માયાળુ વર્તણુક બતાવી, પ્રેમ અને દ્રઢતાથી કેદીઓને સુધારવાને અને તેમનામાં નીતિના અંકુરો અને સ્વાત્મમાન ઉત્પન્ન કરાવવાને બનતો પ્રયત્ન કરે છે ધન્ય છે તેવા પ્રેમાલ સ્ત્રી પુરૂષોને ! આ પરોપકારી કામ અમેરીકાના કેટલાક ભાગોમાં અને ઇંગ્લાંડમાં થાય છે. કૃતાર્થ છે તેમનો જન્મ ! તેમના પ્રયાસથી કેદીઓની સ્થિતિ સુધરતી જાય છે, પણ તેવું કામ કરનારા ઘણા વિરલા છે, તેઓ નિરંતર ઉપદેશ આપી પાપમાર્ગથી દુર રહેવાનું ફરમાવે છે અને તેમની તરફ દયા બતાવી તેમનામાં ગુપ્ત રહેલાં દયાનાં બીજોને પ્રકટ કરે છે, જેથી તેમની સંભાળ નીચે રહેલા કેદીઓ કેદખાનાની બ્હાર નીકળતા એક ગૃહસ્થને છાજે તેવાં લક્ષણવાળાં થાય છે. અને જેમ જેમ સામાજિક સ્થિતિ સુધરતી જશે, અને સર્વ કોઇ પોતપોતાને ઉચિત ધંધો વ્યાપાર કરવા દોરાશે, અને હલકાથી તે છેક ઉપલા વર્ગના મનુષ્યોને એક બીજા તરફ દયા બતાવવાનો ઉમદા ઉપદેશ મળતો જશે, તેમ તેમ આ કેદખાના સંબંધીના દુઃખભર્યાં વિકટ પ્રશ્નનું કાંઇક યોગ્ય સમાધાન આવી શકશે.

આપણે આપણા દરરોજના જીવનવ્યવહારમાં આપણા સોબતીઓની સાથે સંપૂર્ણ દિલસોજી દર્શાવવી જોઇએ. અમુક વ્યક્તિ કે અમુક પ્રજાના સંબંધમાં પણ આ નિયમ એક સરખી રીતે લાગુ પાડી શકાય તેમ છે, અપરાધીઓને એવા પ્રકારની શિક્ષા કરવી ઘટે છે કે જેથી ફરીથી તે તેવા પ્રકારનો અપરાધ ન કરે, ને શિક્ષા વળે, અને તે ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા

દોરાય; **પણ જે દંડ કરવાની રીતિમાં ક્રોધ અને વેર લેવાની વૃત્તિ બહુ મજબુત હોય તે રીતિ ધર્મશાસ્ત્રોની આજ્ઞા વિરૂદ્ધ છે;** તે રીતની મૂર્ખતા, અયોગ્યતા અને નિરર્થકતા શી રીતે વર્ણવી શકાય ? દોષ મૂકનાર અને દોષિત ઠરાવનાર કોણ હોઇ શકે ! કોઈ પણ સમજુ કે બુદ્ધિવાન પુરૂષ કે સ્ત્રી આ કામ કરશે નહિ. અને ખરેખર કમનશીબ અપરાધીઓને મુર્ખના હાથમાં કદાપિ સોંપાવા જોઇએ નહિ. થોડાજ વર્ષ ઉપર એવો પણ સમય હતો કે જ્યારે ગાંડા માણસોની સાથે એવાજ પ્રકારની વર્તણુક ચલાવવામાં આવતી હતી; અને અપરાધીઓની માફક તેમની સાથે ક્રુરતા વાપરવામાં આવતી હતી. **ગાંડાપણું એ પણ એક અપરાધ ગણવામાં આવતો હતો.** પણ આપણા આ કમનશીબ માનવબાંધવોના સંબંધમાં આપણી રીતભાતમાં સુધારો થયો છે, અને હવે આપણે જાણતા થયા છીએ કે ગાંડપણ એ એક જાતનો માનસિક રોગ છે, પણ જાણી જોઇને પોતાના સ્વભાવને આડે માર્ગે દોરવાપણું નથી; અને ગાંડાપણું તે માણસની પોતાની ઇચ્છાઉપર આધાર રાખતું નથી.

આપણે સર્વ માનતા થયા છીએ કે ગાંડાપણું એ એક જાતનો માનસિક રોગ છે. પરન્તુ જે લોક વિદ્વાન્ છે, અને જેઓએ અપરાધીઓ તથા પાપી પુરૂષોના સ્વભાવનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો છે, અને જેઓ તે સ્વભાવમાં સુધારો કરવાને નિશદિન વિચાર કર્યા કરે છે, તેઓ એવા અનુમાન પર આવ્યા છે કે માનસિક રોગની પેઠે એક પ્રકારનો નૈતિકરોગ પણ ઉત્પન્ન થાય છે. અને જેનામાં તે **નૈતિકરોગ હોય છે,** તેઓ અપરાધ કરવાને દોરાય છે. આ બાબતપર ધ્યાન રાખી જો અપરાધીઓનો ન્યાય કરવામાં આવે તો આપણી કેદીઓ સાથેની વર્તણુકમાં બહુજ મોટો સુધારો થયેલો આપણને જણાશે અને આપણી હાલની શિક્ષા કરવાની પદ્ધતિમાં સારો ફેરફાર થયેલો જણાશે.

આપણા માનવબંધુઓ તથા પશુ પંખીઓ સાથે દિલસોજી રાખવી અને પ્રેમ બતાવવો એ આપણું પરમ કર્તવ્ય છે. દરેક જીવતાં પ્રાણી સાથે આદરથી વર્તવું જોઇએ. તેમનામાં પણ આપણા જેવો જીવ છે. કેવળ આપણા ઉપભોગની વસ્તુ છે, એમ ગણી તેના ઉપર ક્રૂરતા વાપરવી નહિ, પણ જેવી રીતે પશુ પંખી આપણી સેવા કરે છે, આપણને જરૂરની કેટલીક ચીજો પુરી પાડે છે, આપણને હરેક રીતે ઉપયોગી થાય છે, અને આપણા આનંદમાં વૃદ્ધિ કરે છે, તે રીતે આપણે પણ તેમની સેવા કરવી જોઇએ.

પાંજરામાં રહેલા સારિકાપક્ષીની વાત તમને યાદ છે તે સ્મરણમાં આ-વતાં હું અત્રે લખું છું.

" Alas for the b rd, who was born to sing,
They have made him a wing, they have clipped his wings.
They have shut him up in a dingy sheet,
And they praise its singing and call it sweet
But his heart and song are saddened and filled,
With the woods and nest, he never will build,
And the wild young dawn coming unto the tree,
And the mate that never his mate will be,
And day by day, when his notes are heard,
They freshen the street, but alas for the bird !"

અફસોસની વાત છે કે ગાવાને અને હરવા ફરવાને સરજાયેલા પક્ષીને લોકોએ પાંજરામાં કેદી બનાવ્યું છે. તેઓએ તેની પાંખો કાપી નાંખી છે, અને એક ઘોંઘાટવાળા લત્તામાં તેને પુરી રાખી છે; તેના ગાયનના લોકો વ-ખાણ કરે છે, અને તે ગાયન મધુર છે એમ જણાવે છે; પણ તેનું હૃદય અને ગાયન દિલગીરીથી ભરેલાં છે. જંગલમાં માળો બાંધવાના, વૃક્ષની અંદર પ્રાતઃકાળ નિરખવાના, અને પોતાના સાથીના સાથે સંબંધમાં આવ-વાના વિચારથી તે શોકાતુર છે અને જ્યારે જ્યારે તે સારિકા મધુર ગાયન ગાય છે, ત્યારે તે લત્તાવાળા આનંદિત થાય છે, પણ બિચારૂં પક્ષી તો ખરે-ખર દયાપાત્ર છે.

જે **સુવર્ણમય નિયમ**[1] પ્રમાણે આપણે આપણા માનવબાંધવો ત-રફ વર્તીએ છીએ, તેજ નિયમ પ્રમાણે આપણે પશુપક્ષીઓની સાથે પણ પ્રેમપૂર્વક અને દિલસોજીની લાગણીથી વર્તવું એ આપણું પરમ કર્તવ્ય છે. અને જે માણસ આ નિયમ પ્રમાણે પોતાનું વર્તન ચલાવતો નથી, તે કદાપિ ખરો ધર્મિષ્ઠ કહી શકાય નહિ; અથવા તે મનુષ્યપણાનેજ લાયક નથી. પૃથ્વીની અંદર વસનારા કીડાઓ પણ કેટલેક અંશે આપણા ઉપકારી છે. તે પૃથ્વીને ધાન્ય ઉગવાને લાયક બનાવે છે. એ બાબતના અભ્યાસકો જણાવે છે કે તેમના

---

૧ બીજાને આપણી તરફ જેવી રીતે વર્તાવવા ઇચ્છતા હોઇએ તેવી રીતે આપણે તેમના તરફ વર્તવું.

વિના ખેતીને અનુકૂળ જમીન કદાપિ બની શકત નહિ. આપણે તેમના દેવાદાર છીએ. હવે પક્ષીઓનો વિચાર કરીએ તો આપણને જણાયા વગર રહેશે નહિ કે જો પક્ષીઓ ન હોત તો વૃક્ષ અથવા પાંદડાનો અન્ત આવી જાત, અને વનસ્પત કે શાક બિલકુલ મળી શકત નહિ. કારણકે પક્ષીઓના ભયથી કીડાઓ તે પાંદડાને કરડી ખાતાં અટકે છે. આ બાબત આપણે પ્રથમ વર્ણવી ગયા છીએ. જો શાક પાંદડું બિલકુલ ન મળે તો જીંદગીનો પણ નાશ થઇ જાય. જો આપણે તે પ્રાણીઓની રીતભાતનો બરાબર અભ્યાસ કરીએ તો, અને તે પશુઓ તરફ દિલસોજી રાખી દરેક શું શું કામ કરે છે, તે બરાબર જાણીએ તો આપણે જરૂર એવા અનુમાનપર આવીશું કે આ જગતમાં તે પક્ષીઓની અને પ્રાણીઓની જરૂર છે. અને દરેકને આ જગતમાં પોતાનો ભાગ ભજવવાનો હોય છે. અને જેમ મનુષ્યો એક બીજા સાથે સંબંધ ધરાવનારા છે, તેમ મનુષ્ય અને પશુવચ્ચે પણ સંબંધ રહેલો છે. જો આપણે પશુનો નાશ કરીએ અથવા નાશ કરવા દેઇએ, અને આ પ્રમાણે સૃષ્ટના નિયમોનો ભંગ કરીએ તો તેમાં અંતે હાનિ આપણને પોતાનેજ છે. માટે પ્રાણી વર્ગના શત્રુ કે નાશ કરનારા કે હેરાન કરનારા થવાને બદલે આપણે તેમના મિત્ર અને મદદગાર થવું જોઇએ.

---

# બોર્ડીંગ પ્રકરણ.

આ સંસ્થામાં વિદ્યાર્થીની સંખ્યા હાલમાં ૧૦૦ ની છે. જેમાં ૧૫ પેઈંગ ૪ હાફ પેઈંગ ૮૧ ફ્રી છે, ફ્રી વિદ્યાર્થીઓ પકી ૨૫ વિદ્યાર્થીઓ માબાપ વિનાના નિરાધાર છે.

**સને ૧૯૦૯ માસ જાનેવારીથી તે માસ એપ્રીલ સુધી કાયમ ફંડ ખાતે આવેલા રૂપીઆની યાદી.**

૪—૨—૩ શ્રી પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના હીસાબ ચુકતે કરતાં વધેલાં તે હા. ઝવેરી ભોગીલાલ તારાચંદ.

૪૦-૦—૦ શા. વાડીલાલ ઉજમલાલ ઝવેરીવાડા હ. શા. બાપાલાલ લાલચંદ.

૧—૦—૦ માસ્તર હીરાચંદ કકલભાઇ અમદાવાદ.

૧૦—૦—૦ શા. મગનલાલ ફુલચંદ ખેડા.

૮—૦—૦ ભાઇલાલ મોતીલાલ ખેડા. (ચાલુ.)

---

# યોગ સાર.

( અનુવાદકઃ—હીરાચંદ લીલાધર ઝવેરી, A. F. Acc., F. C. I.)

## દેવ સ્વરૂપ.

## ॐ नमः श्री हेमचंद्रसूरये.

**प्रणम्य परमात्मानं, रागद्वेषविवर्जितम् ।**
**योगसारं प्रवक्ष्यामि, गंभीरार्थं समासतः ॥**

**અનુવાદઃ**—રાગદ્વેષથી રહિત થએલા પરમાત્માને નમસ્કાર કરીને ગંભીર અર્થવાળા યોગસારનું હું સંક્ષેપથી કથન કરીશ. १

**यदा ध्यायति यद्योगी, याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तन्नित्यमात्मविशुद्धये ॥**

**અનુવાદઃ**—જ્યારે યોગી જેનું ધ્યાન કરે છે, ત્યારે તે તદ્રૂપ થાય છે; માટે આત્માની વિશુદ્ધિમાટે નિરંતર વિશુદ્ધ આત્માવાળા વીતરાગનું ધ્યાન કરવું. કે જેથી આત્મા વિશુદ્ધ થાય. २

**शुद्धस्फटिकसंकाशो, निष्कलश्चात्मनात्मनि ।**
**परमात्मेति स ज्ञातः प्रदत्ते परमं पदम् ॥**

**અનુવાદઃ**—શુદ્ધ સ્ફટિક સરખા અને પૂર્ણ ( વીતરાગ પરમાત્મા ) આત્માને વિષે આત્માની સાથે પરમાત્મારૂપે છે, એમ જણાયલા તે વીતરાગ પરમાત્મા પરમ ( મોક્ષ ) પદને આપે છે. ३

**किन्तु न ज्ञायते तावद्, यावन्मालिन्यमात्मनः ।**
**जाते शांसेन नैर्मल्ये, स स्फुटः प्रतिभासते ॥**

**અનુવાદઃ**—પણ જ્યાંસુધી આત્માની મલિનતા હોય છે, ત્યાં સુધી તે વીતરાગ પરમાત્મા ઉક્તરીતે ઓળખી શકાતા નથી, અને જ્યારે સર્વાંશે નિર્મલતા પ્રાપ્ત થાય છે, ત્યારે તે સ્ફુટ જણાય છે. ४

**तत्त्वानंतानुबंध्यादिकषायविगमक्रमात् ।**
**आत्मनः शुद्धिकृत्साम्यं, शुद्धं शुद्धतरं भवेत् ॥**

**અનુવાદ:**—તે ( નિર્મલતા ) તો અનંતાનુબંધિ આદિ કષાયના નાશના ક્રમથી થાય છે અને આત્માની શુદ્ધિ કરનારૂં સામ્યત્વ પણ શુદ્ધ, વિશેષ શુદ્ધ ( અને સર્વથી શુદ્ધ ) થાય છે. ૫

**साम्यशुद्धिक्रमेणैव, स विशुध्यत आत्मनः ।**

**सम्यक्त्वादिगुणेषु स्यात् स्फुटः स्फुटतरः प्रभुः ॥**

**અનુવાદ:**—સામ્યત્વની શુદ્ધિના ક્રમવડેજ વિશુદ્ધ થતા આત્માને સમ્યકત્વ વિગેરે ગુણસ્થાનકોમાં તે પરમાત્મા સ્ફુટ અને સ્ફુટતર થાય. ૬

**सर्वमोहक्षयात्साम्ये, सर्वशुद्धे सयोगिनि ।**

**सर्वशुद्धात्मनस्त्वेष, प्रभुः सर्वस्फुटीभवेत् ॥**

**અનુવાદ:**—સર્વથા મોહનો ક્ષય થવાથી, સામ્યકત્વ પ્રાપ્ત થાય, ત્યારે સર્વથા શુદ્ધ એવા સયોગિ ગુણસ્થાનકને વિષે ( વર્તતા ) સર્વથા શુદ્ધ આત્માને આ વીતરાગ પરમાત્મા સર્વથા સ્ફુટ થાય. ૭

कषाया अपि सर्पंति, यावत्क्षान्त्यादिताडिताः ।

तावदात्मैव शुद्धोयं, भजेत परमात्मताम् ॥

**અનુવાદ:**—કષાયો પણ ક્ષાન્ત્યાદિ ( દશવાસાધુધર્મ) થી જેટલા પ્રમાણમાં તાડિત થાય છે, તેટલાજ પ્રમાણમાં જાય છે, અને તેટલાજ પ્રમાણમાં શુદ્ધ થએલો આ આત્મા તેટલીજ હદમાં પરમાત્મપણાને પામે છે. ૮

उपसर्पंति ते यावत्, प्रबलीभूय देहिषु ।

स तावन्मालिनीभूतो, जहाति परमात्मताम् ॥

**અનુવાદ:**—તે કષાયો પ્રબલ થઇને જ્યાંસુધી દેહધારી પ્રાણિઓમાં ફરે છે, ત્યાંસુધી મલિન થએલો આત્મામાં રહેલ પરમાત્મતાનો ત્યાગ કરે છે. ૯

कषायास्तान्निहंतव्यास्तथा तत्सहचारिणः ।

नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥

**અનુવાદ:**—તેટલા માટે મોક્ષની ઇચ્છા રાખનારાઓએ મોક્ષમાર્ગમાં અર્ગલારૂપ થએલા કષાયોને તથા તેમના સહચારિ, નો–કષાયોને હણવા જોઇએ. ૧૦

हंतव्यो क्षमया क्रोधो, मानो मार्दवयोगतः ।

माया चार्जवभावेन, लोभः संतोषपोषतः ॥

**અનુવાદ:**—ક્ષમાવડે ક્રોધ હણી શકાય છે, મૃદુતાના યોગથી માન હણી શકાય છે, સરલ ભાવથી માયા હણી શકાય છે, અને સંતોષનું પોષણ કરવાથી લોભ હણી શકાય છે. ૧૧

**हर्षशोकौ जुगुप्सा च, भयं रत्यरती तथा ।**
**वेदभयं च हंतव्यं तत्वज्ञैर्दृढधैर्यतः ॥**

**અનુવાદ:**—તત્વના જાણનાર પુરૂષોએ, દઢ ધૈર્યથી, હર્ષ શોક જુગુપ્સા, ભય, રતિ, અરતિ અને ત્રણ વેદને ( પુરૂષવેદ, સ્ત્રીવેદ, તથા નપુંસક વેદ ) હણવા જોઇએ. ૧૨

**रागद्वेषमयेष्वेषु, गतेष्वांतरवैरिषु ।**
**साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम् ॥**

**અનુવાદ:**—જ્યારે રાગદ્વેષમય આ અંતરંગ દુશ્મનો જતા રહે અને સુનિશ્ચલ સામ્યભાવ પ્રાપ્ત થાય, ત્યારે આત્માજ પરમાત્મતાને પામે. ૧૩

**स तावद्देहिनां भिन्नः सम्यग् यावन्न लक्ष्यते ।**
**लक्षितस्तु भजत्यैक्यं, रागाद्यंजनमार्जनात् ॥**

**અનુવાદ:**—જ્યાંસુધી તે વીતરાગ (પરમાત્મા) સમ્યગ પ્રકારે જણાતો નથી ત્યાં સુધી તે દેહધારી પ્રાણિઓને જુદો જણાય છે; પણ રાગાદિ અંજનના માર્જન થવાથી (દૂર ખસવાથી) લક્ષિત થાય ત્યારે (દેહધારી પ્રાણિઓ સાથે) ઐકયતા પામે છે. ૧૪

**यादृशोऽनंतवीर्यादिगुणोऽतिविमलो प्रभुः ।**
**तादृशास्तेपि जायन्ते, कर्ममालिन्यशोधनात् ॥**

**અનુવાદ:**—તેઓ ( દેહધારી પ્રાણિઓ ) પણ કર્મરૂપી મલિનતાના શોધનથી વીતરાગ પ્રભુ જેવા અનંત વીર્યાદિ ગુણવાળા અને અતિ નિર્મલ થાય છે. ૧૫

आत्मानो देहिनो भिन्नाः कर्मपंककलंकिताः ।
अदेहः कर्मनिर्मुक्तः परमात्मा न भिद्यते ॥

**અનુવાદ:**—કર્મરૂપી કાદવથી કલંકિત થએલા દેહધારી આત્માઓ જુદા જુદા છે પણ કર્મની નિર્મુક્તિથી અદેહી થએલ પરમાત્મામાં જુદાપણું નથી. ૧૬

संख्ययानेकरूपोऽपि गुणत एक एव सः ।
अनंतवीर्यदर्शनज्ञानानंदगुणात्मकः ॥

**અનુવાદઃ**—સંખ્યાથી અનેક રૂપવાળો હોવા છતાં, પણ ગુણથી અનંત વીર્ય, દર્શન, અને જ્ઞાનાનંદ રૂપવાળો તે ( પરમાત્મા ) એકજ છે. ૧૭

जातरूपं यथा जात्यं बहुरूपमपि स्थितम् ।
सर्वत्रापि तदेवैकं परमात्मा तथा प्रभुः ॥

**અનુવાદઃ**—જુદા જુદા રૂપને પામેલું સુવર્ણ જેમ ઘણા રૂપમાં રહેલું છતાં પણ સર્વરૂપમાં (સુવર્ણપણાથી) એકજ છે, તેમ પ્રભુ પરમાત્મા પણ (જુદા જુદા દેહોમાં હોવા છતાં પણ ગુણથી) એક છે. ૧૮

आकाशवदरूपोऽसौ, चिद्रूपो निरुजो शिवः ।
सिद्धिक्षेत्रोगतोऽनंतो, नित्यः शं परमश्नुते ॥

**અનુવાદઃ**—સિદ્ધિ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલ આ પરમાત્મા આકાશની પેઠે અરૂપી છે, ચિદ્દરૂપ છે, રોગ રહિત છે, કલ્યાણકારી છે, અનંત છે, નિત્ય છે અને પરમ સુખને ભોગવે છે. ૧૯

येनैवाराधितो भावात्, तस्यायं कुरुते शिवम् ।
सर्वजंतुसमस्यास्य न परात्मा विभागितः ॥

**અનુવાદઃ**—જે એનું ભાવથી આરાધન કરે છે, તેનુંજ તે કલ્યાણ કરે છે. કારણ કે તેને સર્વ જંતુ સમ હોવાથી પરમાત્મા તેની દૃષ્ટિમાં જુદો નથી. ૨૦

कृतकृत्योऽयमाराध्यः स्यादाज्ञापालनात्पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् ॥

**અનુવાદઃ**—કૃત કૃત્ય એવા આ (વીતરાગ પરમાત્મા) આજ્ઞાનું પાલન કરવાથી આરાધ્ય થાય છે, અને સ્ફટિક સરખું નિર્મલ ચિત્ત કરવું તે આજ્ઞા છે. ૨૧

ज्ञानदर्शनशीलानि पोषणीयानि सर्वदा ।
रागद्वेषादयो दोषा हन्तव्याश्च क्षणे क्षणे ॥

**અનુવાદઃ**—જ્ઞાન દર્શન અને શીલનું નિરંતર પોષણ કરવું અને રાગ દ્વેષ વિગેરે દોષોને ક્ષણે ક્ષણે હણવા. ૨૨

# અથ શ્રી સોમ સોભાગ્ય કાવ્યના ગુજરાતી ભાષાંતરના સંબંધમાં કેટલાક વિચાર.

( લેખક. રા. રા. શાહ. ગીરધરલાલ હીરાભાઇ. )

શ્રી મહાવીર પ્રભુના ગણધર શ્રી સુધર્માસ્વામીની પાટ પરંપરામાં, તપ ગચ્છમાં જે સોમસુંદરસૂરિ થયા, તેમની બાબત આ કાવ્ય છે, તે તેના ગુજરાતી ભાષાંતર સાથે, મુંબાઇમાં જ્ઞાનપ્રસારક મંડલ છે, તેમણે છપાવી પ્રસિદ્ધ કર્યું છે.

આ ગ્રંથના વિષયની, અને તે સાથે સંબંધ રાખતી વાતોની થોડી હકીકત, ગ્રંથકર્તાને લગતી કાંઇક બીના, અને ગ્રંથની સાલ, પ્રસિદ્ધ કર્તાએ પ્રસ્તાવનામાં લખી હોત તો ઘણું સારૂં. ગ્રંથ વાંચવા માંડતાં પહેલાં, એવી હકીકતો વાંચનારના જાણવામાં આવે છે, ત્યારે તેનો ગ્રંથ ઉપર ભાવ વધે છે; અને તેને રસ ઉપજે છે; અને તેને ખાત્રી થાય છે કે તેનો શ્રમ ફોગટ જશે નહીં.

આ કાવ્યમાં દસ સર્ગ એટલે ખંડ અગર પ્રકરણ છે. તેની ટુંકામાં મતલબ નીચે મુજબ છેઃ—

પહેલા સર્ગમાં (પાને ૧ થી ૨૪ સુધી કાવ્ય ૬૩). મંગળાચરણ કર્યા પછી, કવિ કહે છે કે પ્રલ્હાદન નામે ગુજરાત દેશમાં, તેના નેત્રરૂપ પ્રાચીન નગર છે. આબુ પર્વતના પ્રલ્હાદન રાજાએ તે વસાવ્યું હતું; અને તેમાં તેણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર કરાવ્યું હતું. એ શહેરમાં એક સજ્જન નામે મોટો પૈસાદાર શેઠ રહેતો હતો, તેની સ્ત્રીનું નામ માલ્હણદેવી હતું.

સર્ગ બીજો (પાને ૨૪ થી ૩૯ સુધી કાવ્ય ૭૨). માલ્હણ દેવીએ ગર્ભ ધારણ કર્યો ત્યારે સ્વપ્નામાં સોમ (ચંદ્ર) દીઠો હતો, તેથી તેમને દીકરો થયો તેનું નામ સોમ પાડયું. (સંવત ૧૪૩૦) સોમ કુંવર મોટો થયો ત્યારે તેને નિશાળે ભણવા બેસાર્યો; અને થોડા વખતમાં તેણે ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

સર્ગ ત્રીજો—(પાને ૩૯ થી ૫૪ સુધી કાવ્ય ૫૯ ). શ્રી મહાવીર પ્રભુ, તેમના ગણધર ગોતમ સ્વામી, સુધર્મા સ્વામી અને તેમની પાટ પરંપરાએ, તપગચ્છમાં જે આચાર્યો, સોમતિલકસૂરિ અને તેમના શિષ્ય જયાનંદ સૂરિ સુધી થયા, ત્યાં લગીની હકીકત ટુંકામાં, આ સર્ગમાં કવિ લખે છે.

સર્ગ ચોથો—( પાને ૫૪ થી પાને ૭૦ સુધી કાવ્ય ૬૩ ). જયાનંદ

સૂરિ પ્રલ્હાદન નગરમાં પધાર્યાં તેમની દેશના સાંભળવા સજ્જન શેઠ વિગેરે ગયા. જોડે સોમ કુંવર પણ હતા. દેશના સાંભળી સોમ કુંવરને વૈરાગ્ય થયો, તેમના અંગનાં લક્ષણો, જયાનંદ સૂરિએ, દેખીને ધાર્યું કે જો તે દીક્ષા લે તો મહા પ્રભાવક આચાર્ય થાય. પછી જયાનંદ સૂરીએ સોમ કુંવરને પોતાના શિષ્ય કરવા માટે આપવા, સજ્જન શેઠને કહ્યું. શેઠે પોતાની સ્ત્રીને પુછ્યા કેડે જવાબ દેવાનું બતાવ્યું. પછી બાપ દીકરો ઘેર આવ્યા. જમ્યા પછી, સોમ કુંવરે દિક્ષા લેવાની રજા મા બાપ પાસે માગી, ત્યારે તેમણે હરકતો બતાવી, પણ સોમ કુંવરનો નિશ્ચય જોઈને રજા આપી. પછી સંવત ૧૪૩૭ માં તેમણે આશરે સાત વરસની ઉમ્મરે, પોતાની બ્હેન સાથે જયાનંદ સૂરિ પાસે દિક્ષા લીધી. તે વખતે તેમનું નામ સોમસુંદર રાખવામાં આવ્યું. પછી ગુરૂ સાથે તેમણે બીજે ઠેકાણે વિહાર કર્યો.

સર્ગ પાંચમો—( પાને ૭૦ થી પાને ૮૯ સુધી કાવ્ય ૬૧ ). જયાનંદ સૂરિ દેવગત થયા પછી દેવસુંદર સૂરિ ગચ્છનાયક થયા. તેમનો ભાવ સોમ સુંદર મુનિઉપર ઘણો હતો. તેમણે જ્ઞાનસાગરસૂરિ પાસે, શાસ્ત્રનો અભ્યાસ કરવા, સોમસુંદર મુનિને મોકલ્યા. દશવૈકાલીકસૂત્ર વિગેરે તેઓ શીખ્યા એટલે તેમને દેવસુંદર સૂરિએ વડી દિક્ષા આપી. પછી વ્યાકરણ વિગેરે સર્વ શાસ્ત્રનો અભ્યાસ સોમસુંદરમુનિએ સારી પેઠે કર્યો. ભગવતી સૂત્રના જોગ વહ્યા એટલે તેમને ગણીપદ મળ્યું. અને સંવત ૧૪૫૦ માં વીસ વરસની વયે તેમને ઉપાધ્યાય પદ મળ્યું. પછી મેવાડમાં રાજકુળ પાટક નામના નગરમાં સોમસુંદર ઉપાધ્યાય, બીજા કેટલાક સાધુઓના પરિવાર સહીત ગયા, ત્યાં લક્ષ રાજાના માનીતા રામદેવ શેઠ અને મુંડ નામના મંત્રી વિગેરે ગ્રહસ્થોએ તેમનું શામૈયુ કર્યું. નાની વયમાં સોમસુંદર ઊપાધ્યાયની દેશનાકળાથી સભાજનો અચંબો પામ્યા. પછી મેવાડનાં ઘણાં ગામ નગરોમાં વિહાર કરી ધરમનો ઉપદેશ કેટલોક કાળ તેમણે કર્યો; અને અણહિલ્લપુરમાં આવીને, તેઓએ દેવસુંદર સૂરિને વંદના કરી. અહીઆં તેમને સંવત ૧૪૫૭ માં સૂરિ પદવી મળી ત્યારે નરસિંહ શેઠે મોટો ઓછવ કર્યો હતો; અને દેશ દેશના સંઘ એકઠા થયા હતા.

સર્ગ છઠ્ઠો—( પાને ૯૦ થી પાને ૧૦૩ સુધી કાવ્ય ૫૯ ). દેવસુંદર સૂરિ દેવગત થયાથી તેમની પાટે, સોમસુંદર સૂરિ ગચ્છપતિ થયા. પછી વૃદ્ધ નગરમાં તેઓ આવ્યા. ત્યાં મુનિ સુંદર વાચકને તેમણે આચારજ પદવી આપી ત્યારે દેવરાજ શેઠે મોટા ઠાઠવાળો ઓચ્છવ કર્યો. પછી મુનિ સુંદર-સૂરિને સાથે લેઈ દેવરાજ શેઠે સિદ્ધાચળ અને ગીરનારજીનો મોટો સંઘ કહાડયો,

જાત્રા કરીને ઘેર પાછા આવ્યા પછી મુનિસુંદરસૂરિએ બીજે સ્થળે ગચ્છપતિની રજાથી વિહાર કર્યો.

સર્ગ સાતમો—( પાને ૧૦૪થી પાને ૧૩૪–સુધી કાવ્ય–૯૪ ). ઈલદુર્ગ ( ઇડરગઢ ) નગરમાં રણમલ રાજાનો પુત્ર પુંજ રાજા રાજ્ય કરતો હતો. તેણે રણભુમીમાં બાદશાહી લશ્કરનો નાશ કર્યો હતો. અને " વીરાધિવીર " એવું બરૂદ મેળવ્યું હતું. તેનો માનીતો ગોવીંદ નામે શેઠ એ નગરનો રહીશ હતો. તેના બાપનું નામ વછરાજ હતું. એ નગરના ડુંગર ઉપરના કુંવારપાળના દેહરાનો ઉદ્ધાર ઘણું ધન ખરચીને એ ગોવીંદ શેઠે કર્યો હતો. વળી તારંગાજીના ડુંગરના કુંવારપાળ રાજાના ચૈત્ય ઉપર તેમણે નવ ભારપદ ( ભારવાડ ) અને સ્તંભો ચડાવ્યા હતા. એ ગોવીંદ શેઠને વીર નામે દીકરો હતો. બન્ને બાપ દીકરાએ શુભ કામમાં ધન ખરચવાનો વિચાર કર્યો. એ અવસરે ઇલદુર્ગમાં સોમસુંદરસૂરિએ જયચંદ્ર વાચકને સૂરિ પદવી આપી, તેનો ઓચ્છવ બહુ આડંબરથી ગોવીંદ શેઠે કર્યો. પછી તેમણે સંઘ કહાડી સિદ્ધાચળ, ગીરનાર સોપારક તીર્થ અને તારંગાજીની જાત્રા કરી પાછા પોતાના નગરે આવ્યા. ત્યારે પુંજા રાજાએ શામૈયું કર્યું હતું. પછી તેમણે નગરના બધા ચૈત્યોમાં અઠાઇ ઓચ્છવ કર્યો; સંઘ ભક્તિ કરી, અને વિસ્તારથી ગુરૂની પૂજા કરી. એક વખતે એ ગોવીંદ શેઠના મનમાં, તારંગાજી ઉપરના દેવળમાં શ્રી અજિતનાથ સ્વામીની મોટી પ્રતિમા ભરાવી સ્થાપન કરવાનું આવ્યું, તેથી તેમણે આરાસુરના ડુંગરમાં રહેલાં મોટાં ગુણવાળાં અને પ્રભાવિક શ્રી અંબીકા દેવીની આરાધના તે ડુંગર ઉપર જઇ સુંદર સુગંધી પદાર્થોવડે કરી. દેવી પ્રસન્ન થયાં, શેઠે વરદાનમાં ધન કે રાજકળા નહીં માગતાં, જિન પ્રતિમા કરવા મોટી શિલ્લા માગી. માતાએ કહ્યું, " પૂર્વે તમારા પીતા વછરાજે આવીજ અરજ કરી હતી, ત્યારે તે શિલ્લા મોટી નોતી; પણ હાલ તે મોટી ભારે થએલી છે તે તમે લ્યો; ગૃહસ્થોને એ મોટું પુન્ય છે. " પછી ગોવીંદ શેઠે એ શિલ્લા ખાણમાંથી ખોદી કહાડાવી, તારંગે લાવ્યા; અને તેની શ્રી અજિતનાથ પ્રભુની મનોહર પ્રતિમા ઘડાવી. અને શુભ દીવસે સ્થાન ઉપર પધરાવી. પછી સોમસુંદર સૂરિ વિગેરે સંઘના લોકો અને પુંજા રાજાના માણસોને લેઇને ઇલદુર્ગથી ગોવીંદ શેઠ તારંગે આવ્યા; અને દેશદેશના સંઘને આમંત્રણ કરી બોલાવ્યા; અને મોટા આડંબરથી સોમસુંદર સૂરિના પાસે એ પ્રતિમાની પ્રતિષ્ટા (અંજન શિલાકા ) કરાવી. એ વખતની રચનાનો અને તેમાં ધન ખરચાયું તેનો પાર નોતો.

એ અવસરે " ઉટક " નાગરના "શકાન્હડ" શેઠે પોતાનું ધન સાત ખેત્રે ખરચી મોટા હરખથી પોતાંના પુત્ર, પુત્રી, સ્ત્રી, ભાઇ અને ભાણેજ સહીત સોમસુંદર સૂરિ પાસે દિક્ષા લીધી. પછી ગોવીંદ શેઠ, સોમસુંદર સૂરિને સાથે લેઈ ઇલદુર્ગે પાછા આવ્યા, ત્યારે પુંજા રાજા તરફથી તેમનું સામૈયુ થયું હતું.

**સર્ગ આઠમો**—( પાને ૧૩૪થી પાને ૧૫૪ સુધી, કાવ્ય ૯૨.) સોમસુંદર સૂરિ વિહાર કરતા " દેવકુળ પાટક " નામના નગરમાં પધાર્યાં. ત્યાં નિંબ નામે શેઠ રહેતો હતો. તેણે " ખાગ હડી " નગરીમાં ઘણુંજ શોભાયમાન જિનમંદીર કરાવ્યું હતું. ભુવનસુંદર ઉપાધ્યાયને સોમસુંદર સૂરિએ આચારજ પદવી આપી, તેનો ઓચ્છવ નિંબ શેઠે કર્યો હતો. પછી સોમસુંદર ગુજરાતના મુખ્ય શહેર કર્ણાવતી નગરીમાં પધાર્યાં ત્યાં પાદશાહનો માનકરી ગુણરાજ શેઠ રહેતો હતો. તેણે સામૈયુ કર્યું. તેમનો ભાઇ આમ્ર નામે હતો, તેણે સોમસુંદર સૂરિ પાસે દીક્ષા લીધી ત્યારે ગુણરાજે મોટો ઓછવ કર્યો. વળી ત્યાં રહી સોમસુંદર સૂરિએ શેત્રુંજા મહાતમ નામે ગ્રંથ વાંચ્યો. તે ઉપરથી શેત્રુંજાની જાત્રા કર્યા પછી દહી દુધ ખાવું, એવી ગુણરાજે બાધા લીધી. અને તે પ્રમાણે નગરના બીજા શાહુકારોએ પણ કર્યું હતું. પછી ગુણરાજે સંઘ કહાડવાની તૈઆરીઓ કરી. " અહિમદ પાદશાહે " તે શેઠને શરપાવ આપ્યો અને સંઘના રક્ષણ માટે પુરતું લશકર વિગેરે આપ્યું. સંઘ વીરમગામ ગયો. ત્યાંથી ઘણા જાત્રાળુ સંઘમાં શામેલ થયા. સંઘની શોભા બેશ હતી. અને માણશો તથા વાહન વિગેરે પણ ઘણાં હતાં, રસ્તે મલીક વંશના શુબાઓ અને રાણાઓ ભેટણાં આપી ગુણરાજ સંઘવીનાં સામૈઆં કરતા હતા. સંઘ ધંધુકે પોચ્યો ત્યાં દેવાલયોની શ્રેણી જોઇ સંઘ ચમત્કાર પામ્યો અને બીજા દસ સંઘો તે સંઘના ભેગા મળ્યા પછી સંઘ વલ્લભીપુર અને ત્યાંથી પાલીતાણે ગયો. ત્યાં દર્શન વિગેરે કરી, ડુંગર ઉપર ચડયો ત્યાં જાત્રા કરી સંઘ મહુએ ગયો; જ્યાં જિનસુંદરવાચકને સોમસુંદરસૂરિએ આચારજ પદવી આપી તેનો ઓચ્છવ ગુણરાજ સંઘવીએ કર્યો. ત્યાંથી દેવપુરે અને મંગળપુરે અનુક્રમે સંઘ ગયો. મંગળપુરમાં નવપલ્લવ પ્રભુને વંદના કરી, છેવટે સંઘ જુનાગઢ ગયો ત્યાંના રાજાને સંઘપતિએ સારૂ ભેટણુ આપ્યું, રાજાએ સંઘનું સામૈયું કર્યું. પછી સંઘ ગીરનારજીના ડુંગર ઉપર ચડયો. જ્યાં નેમિ પ્રભુની પુજા કરી તથા અંબીકા દેવીની પુજા કરી; અને સંઘ પાછો જુનાગઢ આવ્યો અને ત્યાંથી કર્ણાવતી પોચ્યો.

# श्री अध्यात्मज्ञानप्रसारकमंडल.

## व्यवस्थापक, चंपागली, मुंबाइ.

મજકુર મંડળ તરફથી **શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા,"** શરૂ થઇ છે. નીચે જણાવેલ પુસ્તકો પ્રગટ થયાં છે અને તે જનસમાજમાં પ્રિય થઇ પડયાં છે. મુનિરાજશ્રીની લેખન, અને કાવ્ય શૈલી ષટ્દર્શનને હિત-કારક હોવાથી મંડળે કોઇપણ પ્રકારના લોભ વિના તદ્દન નજીવી કીંમતે તેવાં પુસ્તકો પ્રગટ કરી, સમાજ વાંચનનો વધુ લાભ લે, તેમ કરવાની શરૂઆત કરી છે. ઉદાર ગૃહસ્થોની મદદથી આ કામને ઉત્તેજન મળ્યું છે. અને તેથી પ્રગટ થઇ ચુકેલા અને નવીન રચાતા ગ્રન્થો પૈકી કોઈપણ ગ્રન્થ પ્રગટ કરાવવા, થોડી ઘણી મદદ આપવા જેઓની ઇચ્છા હોય, થાય, તેઓએ **ઉપલા સરનામે પત્રવ્યવહાર કરવો.**

**ઇનામ અને ભેટ** આપવા માટે દરેક ગ્રન્થની ઓછામાં ઓછી ૫૦ પ્રત મંગાવનારને વધુ સવડ કરી આપવામાં આવશે. તે **માટે માત્ર વ્યવસ્થાપકનેજ લખવું.**

વેચાણ માટે નીચલાં સ્થલો પૈકી. વી. પી. થી મંગાવવા માટે પહેલાં ૪ સ્થલો અનુકુલ છે.

| | | કી૦ | પોસ્ટેજ |
|---|---|---|---|
| **"भजनपद संग्रह"** भागः १-२-३ દરેકની | કીં. | ૦-૮-૦ | ૦-૨-૦ |
| ૧ "અધ્યાત્મ વ્યાખ્યાન માળા તથા ક્ષમાપના". | કીં. | ૦-૪-૦ | ૦-૧-૦ |
| ૪ "સમાધિશતક". | કીં. | ૦-૮-૦ | ૦-૨-૦ |
| ૫ "અનુભવ પચ્ચીસી તથા આત્મપ્રદીપ". | કીં. | ૦-૮-૦ | ૦-૨-૦ |

### મળવાનાં સ્થલો.

૧, મુંબાઇ, પાયધુણી નં. ૫૬૬ જૈન બુકસેલર મેઘજી હીરજીની કું. C/o
" માંગરોળ જૈનસભા. "
૨, ભાવનગર, શ્રી " આત્માનંદ જૈન સભા. "
૩, અમદાવાદ, " બુદ્ધિપ્રભા ઓફીસ " ઠે. નાગોરીસરાહ.
૪, ,, " સત્યવિજય પ્રેસ " ઠે. પાંચકૂવા નજીક.
૫, પાદરા. વકીલ મોહનલાલ હેમચંદ. જી૦ વડોદરા.
૬, પુના. શેઠ વીરચંદ કૃષ્ણાજી. ઠે. વૈતાલપેઠ.
૭, ભોયણી. બુકસેલરો પાસે.
૮, વીજાપુર ઠે. બઝારમાં, સનાલાલ મોતીલાલ નથુભાઇ.
૯, સાણંદ સા મણીલાલ વાડીલાલ.

# ગુરૂદર્શન

યાને

# સપ્તસુવર્ણમય કુંચીઓ.

લેખક:-દોશી મણિલાલ નથુભાઇ. બી. એ.

આ પુસ્તકમાં નીતિ અને તત્ત્વજ્ઞાનને શો સંબંધ છે, તે બતાવવામાં આવેલું છે, અને દાન, શીલ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાન; એ સાત સદ્ગુણોપર દષ્ટાન્ત સાથે આર્ય પ્રજાને માન્ય સિદ્ધાંતો પ્રમાણે વિવેચન કરવામાં આવેલું છે, તે ઉપર વિદ્વાનો તરફથી સારા અભિપ્રાયો મળેલા છે. ટુંક મુદતમાં બે હજાર નકલો ખપી ગયેલી છે. હાલમાં તેનું હિંદી ભાષામાં ભાષાંતર છપાય છે.

કીંમત ૦—૬—૬ ( પોસ્ટેજ સાથે ).

તા. ક. આ માસિકના ગ્રાહકોને પોસ્ટેજ સાથે ૦—૪—૬ એ મળી શકશે.

મળવાનું ઠેકાણું.

" બુદ્ધિપ્રભા " ઓફીસ, અમદાવાદ.

---

## ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફાર ઇન્કયુરેબલપૅાપર્સ.

અમદાવાદ.

જે લોકોના રોગ કોઇપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી ઇસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઇ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

" બુદ્ધિપ્રભા " ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.